dailyhunt સંજોગ ન્યૂઝ

અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.

https://dhunt.in/RbYBS



# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 234 | AD - 2026, Jeth Sud -15 | Sunday, Dt. 31-05-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### આતંકીઓ પાસેથી ભારે માત્રામાં અત્યાધુનિક હથિયારો, જીવતા હેન્ડ ગ્રેનેડ અને વિસ્ફોટક સામગ્રીઓનો જથ્થો મળી આવ્યો

# દિલ્હી પોલીસે ISI સાથે સંકળાયેલા ૯ આતંકીઓને ઝડપી પાડ્યા

નવી દિલ્હી,તા.૩૦

દિલ્હી પોલીસ સ્પેશિયલ સેલે દેશની રાજધાનીને ધ્રુજાવવાના એક બહુ મોટા અને ખતરનાક આતંકવાદી ષડયંત્રને નિષ્ફળ બનાવવામાં ઐતિહાસિક સફળતા મેળવી છે. પોલીસે અત્યંત ગુપ્ત અને ચોક્કસ ઓપરેશન હાથ ધરીને મુંબઈ અંડરવર્લ્ડના સરતાજ દાઉદ ઈબ્રાહિમના નેટવર્ક તથા પાકિસ્તાનની કુખ્યાત ગુપ્તચર એજન્સી આઈએસઆઈ (ISI) સાથે સંકળાયેલા એક મોટા આતંકી મોડ્યુલનો પર્દાફાશ કર્યો છે. આ ખાસ ઓપરેશન દરમિયાન પોલીસે અલગ-અલગ સ્થળોએ દરોડા પાડીને કુલ ૯ આતંકીઓની ધરપકડ કરી છે. પકડાયેલા આ આરોપીઓ પાસેથી ભારે માત્રામાં અત્યાધુનિક હથિયારો, જીવતા હેન્ડ ગ્રેનેડ અને વિસ્ફોટક સામગ્રીઓનો જથ્થો મળી આવ્યો છે. પોલીસ અને કેન્દ્રીય તપાસ એજન્સીઓની પ્રાથમિક પૂછપરછમાં એ વાત સામે આવી છે કે આ તમામ સામગ્રીનો ઉપયોગ દિલ્હીના વ્યૂહાત્મક સ્થળો પર મોટા પાયે તબાહી મચાવવા માટે થવાનો હતો. આ સફળતાના કારણે દિલ્હી પર તોળાઈ રહેલું એક મોટું સંકટ સમયસર ટળી ગયું છે.વિવિધ તપાસ એજન્સીઓ દ્વારા કરવામાં આવી રહેલી સઘન પૂછપરછ અને વિશ્લેષણ અનુસાર, આ આતંકી નેટવર્ક ભારતમાં કોઈ સામાન્ય હુમલો કરવાના ઈરાદે સક્રિય નહોતું, પરંતુ તેઓ ખૂબ લાંબા સમયથી એક સુનિયોજિત અને મોટા ષડયંત્રનાં તાણવાણા વણી રહ્યા હતા. તેમનો મુખ્ય હેતુ દિલ્હીમાં આવેલા મહત્વના સરકારી મંત્રાલયો, દેશની સુરક્ષા વ્યવસ્થા સંભાળતા સુરક્ષા દળોના મુખ્ય મથકો અને સામાન્ય જનતાની



આસ્થા સાથે જોડાયેલા મુખ્ય અને પ્રખ્યાત ધાર્મિક સ્થળોને નિશાન બનાવવાનો હતો. આતંકીઓનો પ્લાન એવો હતો કે આ સ્થળો પર એકસાથે શ્રેણીબદ્ધ ધડાકાઓ કરીને દેશભરમાં ભય અને અરાજકતાનો માહોલ ઊભો કરી શકાય. અત્યાર સુધીની પ્રાથમિક તપાસમાં તમામ આરોપીઓના તાર સીધા પાકિસ્તાન સમર્થિત હેન્ડલર્સ અને મુંબઈ અંડરવર્લ્ડના સભ્યો સાથે જોડાયેલા હોવાના મજબૂત પુરાવા એજન્સીઓને હાથ લાગ્યા છે, જે દર્શાવે છે કે આ આખું ષડયંત્ર સરહદ પારથી ઓપરેટ થઈ રહ્યું હતું.સુરક્ષા એજન્સીઓના આંતરિક સૂત્રો પાસેથી મળતી વિગતો મુજબ, આ ધરપકડ કરાયેલા આરોપીઓની પૃષ્ઠભૂમિ તપાસતા ચોંકાવનારી બાબતો બહાર આવી છે.

પકડાયેલા નવ લોકોમાંથી કેટલાક આરોપીઓ મૂળ નેપાળના વતની હોવાનું માલૂમ પડ્યું છે. આ લોકોને ખાસ કરીને ભારતમાં ઘૂસણખોરી કરાવીને મોટા આત્મઘાતી હુમલાઓ અને બોમ્બ બ્લાસ્ટને અંજામ આપવા માટે પાકિસ્તાની હેન્ડલર્સ દ્વારા વિશેષ તાલીમ આપીને તૈયાર કરવામાં આવી રહ્યા હતા. ભારતની ખુલ્લી સરહદોનો લાભ લઈને આ આતંકી મોડ્યુલ ભારતમાં સ્લીપર સેલ તરીકે સક્રિય બન્યું હતું. હાલમાં દેશની તમામ ટોચની ગુપ્તચર એજન્સીઓ અને દિલ્હી પોલીસ એ શોધવામાં વ્યસ્ત છે કે આ સમગ્ર આંતરરાષ્ટ્રીય નેટવર્કનું મુખ્ય સંચાલન વિદેશમાં બેસીને કોણ કરી રહ્યું હતું અને ભારતના કયા કયા શહેરોમાં આ મોડ્યુલના સ્થાનિક સહયોગીઓ છુપાયેલા છે જે તેમને આશ્રય આપી રહ્યા હતા.






## 'ઈન્ડિયાઝ ડિજિટલ ઈકોનોમી'નો રિપોર્ટ : ભારત વિશ્વની પાંચમી સૌથી વધુ ડિજિટલાઈઝ્ડ ઈકોનોમી

નવી દિલ્હી,તા.૩૦

ઈન્ડિયન કાઉન્સિલ ફોર રિસર્ચ ઓન ઈન્ટરનેશનલ ઈકોનોમિક રિલેશન્સ દ્વારા જાહેર કરાયેલા 'ઈન્ડિયાઝ ડિજિટલ ઈકોનોમી ૨૦૨૬' રિપોર્ટ અનુસાર, ભારત વિશ્વની પાંચમી સૌથી વધુ ડિજિટલાઈઝ્ડ ઈકોનોમી બની ગયું છે. વર્ષ ૨૦૨૫માં ભારત આ યાદીમાં આઠમા સ્થાને હતું, જે દર્શાવે છે કે દેશે માત્ર એક જ વર્ષમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે.ડિજિટલ કનેક્ટિવિટી, ફિનટેકનો ઝડપી વિકાસ અને નવીન ક્ષમતાઓમાં સતત થયેલા સુધારાના કારણે આ મોટો ઉછાળો જોવા મળ્યો છે. વિશ્વની કુલ જીડીપીના ૯૬ ટકા હિસ્સો ધરાવતા ૭૧ દેશોના અભ્યાસમાં જાણવા મળ્યું છે કે ભારત હવે ડિજિટલ પ્રદર્શનની બાબતમાં જર્મની, ફ્રાન્સ, જાપાન અને કેનેડા જેવા વિકસિત દેશોને પણ પાછળ છોડી રહ્યું છે. ભારતે ડિજિટલ માધ્યમો દ્વારા આશરે ૩૧ લાખ કરોડ રૂપિયાનો વેપાર કરીને પોતાની આર્થિક તાકાતનું પ્રદર્શન કર્યું છે.






## નેશનલ ફેમિલી હેલ્થ સર્વેના અહેવાલમાં દેશમાં ઘરેલુ હિંસાનો દર ઘટ્યો

નવી દિલ્હી,તા.૩૦

નેશનલ ફેમિલી હેલ્થ સર્વે ૨૦૨૩-૨૪ (NFHS-૬) નો તાજેતરનો અહેવાલ શુક્રવારે જાહેર કરવામાં આવ્યો છે. આ અહેવાલ મુજબ ભારતીય સમાજમાં કેટલાક સકારાત્મક સુધારાઓ જોવા મળ્યા છે, તો બીજી તરફ સ્વાસ્થ્ય સંબંધિત કેટલીક ચિંતાઓ પણ સામે આવી છે.નવા સર્વેક્ષણ અનુસાર દેશમાં ઘરેલું હિંસાના દરમાં નોંધપાત્ર ઘટાડો થયો છે, જે અગાઉના ૨૯.૨% થી ઘટીને હવે ૨૨.૩% પર આવી ગયો છે. આ સાથે જ બાળ લગ્ન પ્રથામાં પણ સુધારો જોવા મળ્યો છે અને તેનો કુલ આંકડો ૨૩.૩% થી ઘટીને ૨૦.૧% રહ્યો છે. આર્થિક મોરચે પણ મહિલાઓની ભાગીદારી વધી છે, જેમાં કામ કરતી મહિલાઓની સંખ્યા ૨૫.૪% થી વધીને ૩૦.૮% સુધી પહોંચી ગઈ છે. આ ઉપરાંત ડિજિટલ ક્ષેત્રે મહિલાઓમાં ઈન્ટરનેટનો ઉપયોગ બમણો થઈને ૬૪.૩% થયો છે. મિલકતના અધિકારની વાત કરીએ તો, હવે દેશના કુલ ૧૮.૮% પરિવારોમાં મહિલાઓ પાસે મકાન કે જમીનનો માલિકી હક છે, જે અગાઉના સર્વેમાં માત્ર ૧૪.૦% જ હતો. આ માલિકી હક શહેરોમાં ૧૮.૨% અને ગ્રામીણ વિસ્તારોમાં ૧૯.૧% નોંધાયો છે. પાયાની સુવિધાઓમાં પણ મોટો સુધારો થયો છે, જેના કારણે આજે ૯૮.૩% ઘરોમાં વીજળી અને ૯૬.૫% ઘરોમાં સ્વચ્છ પાણી પહોંચી ગયું છે.બીજી તરફ, રિપોર્ટમાં સ્વાસ્થ્ય સંબંધિત કેટલાક ચિંતાજનક આંકડા પણ સામે આવ્યા છે. વર્ષ ૨૦૧૯-૨૧ ની સરખામણીમાં મહિલાઓમાં સ્થૂળતાનું પ્રમાણ ૭% વધી ગયું છે.


## પેટ્રોલ-ડીઝલ, દૂધ અને વીજળીના ભાવ વધતા સામાન્ય માણસનું બજેટ ખોરવાયું

નવી દિલ્હી, તા.૩૦

ફેબ્રુઆરીના અંતમાં શરૂ થયેલા ઈરાન યુધ્ધની પ્રતિકૂળ અસરો હવે ભારતીય બજારો પર સ્પષ્ટપણે દેખાઈ રહી છે. ક્રૂડ ઓઈલ, ખાતર અને ગેસના પુરવઠામાં સર્જાયેલી કટોકટીને કારણે છેલ્લા બે અઠવાડિયામાં જ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં આશરે ૮% જેટલો તોતિંગ વધારો ઝીંકાયો છે. જ્યારે બીજી તરફ દિલ્હી-એનસીઆરમાં સીએનજી (CNG) ના ભાવમાં ટૂંકા ગાળામાં ચાર વખત વધારો થતાં મુંબઈમાં કિંમત રૂ.૮૬ અને દિલ્હીમાં રૂ.૮૩ પ્રતિ કિલોગ્રામે પહોંચી ગઈ છે. ઘરેલું એલપીજી સિલિન્ડર પણ ઓગસ્ટ ૨૦૨૩ પછી પ્રથમ વખત રૂ.૯૦૦ને પાર થઈ ગયું છે. મોંઘવારીનો આ માર માત્ર ઈંધણ પૂરતો સીમિત નથી. દેશની અગ્રણી ડેરી કંપનીઓ 'અમૂલ' અને 'મધર ડેરી'એ ગત ૧૪ મેથી દૂધના ભાવમાં પ્રતિ લીટર રૂ.૨નો વધારો કર્યો છે, જેના પગલે અન્ય પ્રાદેશિક ડેરીઓએ પણ ભાવ વધાર્યા છે. આ સાથે જ ઘણી એફએમસીજી (FMCG) કંપનીઓએ કાચા માલના ખર્ચમાં થયેલા ૮-૧૦%ના વધારાને કારણે રોજિંદી જીવનજરૂરી વસ્તુઓ જેમ કે તેલ, સાબુ વગેરેના ભાવમાં ૩ થી ૭%નો વધારો કર્યો છે અથવા પેકેટનું વજન ઘટાડી દીધું છે.







સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
રવિવાર, તા.૩૧-૦૫-૨૦૨૬

# અમરેલીમાં વસંતભાઈ ગજેરાના "વાત્સલ્યધામ" માટે પ્રવેશ રજીસ્ટ્રેશન પ્રક્રિયા શરૂ કરવામાં આવી

અમરેલી,તા.૩૦



અમરેલી કેળવણીકાર વસંતભાઈ ગજેરા દ્વારા સુરત બાદ હવે અમરેલી ખાતે પણ 'વાત્સલ્યધામ' કાર્યરત થવા જઈ રહ્યું છે. સ્વ. ચંપાબેનના માતૃત્વભર્યા સ્વપ્નને સાકાર કરતા ગજેરા પરિવારે સુરતમાં વર્ષ ૨૦૦૬થી શરૂ કરેલા આ સેવાયજ્ઞ દ્વારા અત્યાર સુધીમાં ૧૫૦૦થી વધુ નિરાધાર બાળકોને ભોજન, કપડાં, ઉચ્ચ શિક્ષણ અને સંસ્કાર આપીને પોતાના પગ પર ઊભા કર્યા છે.વસંત દાદાના દેશભરમાં ૧૦ વાત્સલ્યધામ ઊભા કરવાના લક્ષ્યના ભાગરૂપે અમરેલી અને ઓડિશા ખાતે નિર્માણ કાર્યો પૂર્ણતાના આરે છે. આગામી નવા શૈક્ષણિક સત્રથી અમરેલી વાત્સલ્યધામ ખાતે નિરાધાર અને અસહાય બાળકો માટે પ્રવેશ રજીસ્ટ્રેશન પ્રક્રિયા સત્તાવાર રીતે શરૂ કરી દેવામાં આવી છે. ગજેરા કેમ્પસ, વિદ્યાસભા, લાઠી રોડ સ્થિત આ સંસ્થાનો સંપર્ક ૮૨૩૮૬૩૮૦૦૦ પર કરી શકાશે..

# અમદાવાદ સહિતની ટ્રેન શરૂ કરવા રાજુભાઈ મિલનએ કરી રજૂઆત

અમરેલી, તા.૩૦



અમરેલી જિલ્લા ભાજપના કારોબારી સભ્ય અને પૂર્વ કાઉન્સિલર રાજુભાઈ મિલન દ્વારા ભાવનગરપરાના ડિવિઝનલ રેલ્વે મેનેજરને પત્ર લખીને અમદાવાદ-જુનાગઢ (વાયા ધંધુકા, બોટાદ, ઢસા, લાઠી, ચિતલ, જેતલસર) ગિરનાર એક્સપ્રેસ ટ્રેન પુનઃ શરૂ કરવા રજૂઆત કરવામાં આવી છે.

અગાઉ મીટર ગેઝ ટ્રેક પર દોડતી આ ટ્રેન સૌરાષ્ટ્રના ભાવનગર, બોટાદ, અમરેલી અને જુનાગઢ જિલ્લાના પ્રવાસીઓ માટે આર્થિક, શૈક્ષણિક અને આરોગ્યના હેતુથી ખૂબ મહત્વની હતી. પરંતુ, બ્રોડગેજ રૂપાંતરણની કામગીરીને કારણે આ સેવા બંધ કરવામાં આવી હતી. હવે જ્યારે બ્રોડગેજ ટ્રેક સંપૂર્ણ કાર્યરત થઈ ગયો છે, ત્યારે લોકહિતમાં આ ટ્રેન વહેલી તકે ફરી શરૂ કરવા વિનંતી કરાઈ છે. આ પત્રની નકલ રાજકોટ, અમરેલી અને જુનાગઢના સંસદસભ્યો રૂપાલા, ભરતભાઈ સુતરીયા અને રાજેશ ચુડાસમા અને ઉર્જા રાજયમંત્રી કૌશિક વેકરીયાને પણ મોકલવામાં આવી છે.

# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ખેડૂતો માટે તાલીમ યોજાઈ




અમરેલી,તા.૩૦

અમરેલીના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ૨૭ મેના રોજ બગસરા તાલુકાના હડાળા ગામે ખેડૂત બહેનો માટે ક્ષેત્રીય તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમમાં ડૉ. નેહાબેન તિવારીએ વિવિધ બેકરી આઈટમ બનાવટની અને ફળનું મૂલ્યવર્ધન કરીને આવક ઉભી કરવા કૌશલલક્ષી તાલીમ આપી હતી. આ કાર્યક્રમમાં ૫૬ જેટલી ખેડૂત બહેનોએ ભાગ લીધો હતો.

# રાષ્ટ્રીય વસ્તી ગણતરીમાં જાતિ આધારિત ગણતરીના સમાવેશની માંગ સાથે આવેદન

સાવર કુંડલા,તા.૩૦



સાવરકુંડલામાં વિશ્વ કોળી-ઠાકોર સમાજ એકતા મહાસંઘ દ્વારા સ્થાનિક મામલતદારને એક મહત્ત્વનું આવેદનપત્ર સુપરત કરવામાં આવ્યું હતું. આગામી ૧ જૂન, ૨૦૨૬થી શરૂ થનારી રાષ્ટ્રીય વસ્તી ગણતરીમાં જાતિ આધારિત ગણતરીનો સમાવેશ કરવામાં આવે તેવી મુખ્ય માંગ આ પત્રમાં કરવામાં આવી છે. સમાજના અગ્રણીઓએ રજૂઆત દરમિયાન જણાવ્યું હતું કે, દેશ અને રાજ્યના વિવિધ સમાજોની સાચી વસ્તી તેમજ તેમની સામાજિક અને આર્થિક સ્થિતિ અંગે સચોટ માહિતી મેળવવા માટે જાતિ આધારિત વસ્તી ગણતરી અનિવાર્ય છે. આ ચોક્કસ આંકડાઓ મળવાથી સમાજના પછાત અને વંચિત વર્ગોના સર્વાંગી વિકાસ માટે યોગ્ય સરકારી યોજનાઓ ઘડી શકાશે અને તેના વાસ્તવિક લાભો વધુ અસરકારક રીતે લોકો સુધી પહોંચાડી શકાશે.

# સાવરકુંડલામાં વીજશોક લાગતા ગૌવંશનું મોત નિપજતા લોકોમાં રોષ

સાવર કુંડલા,તા.૩૦

સાવરકુંડલાના હાથસણી રોડ પર માતંગી ટાયર દુકાન પાસે એક મોટી દુર્ઘટના સામે આવી છે. ત્યાં આવેલા પી.જી.વી.સી.એલ.ના ટ્રાન્સફોર્મરમાં લગાવેલી લોખંડની જાળીમાં અચાનક વીજળીનો શોર્ટ સર્કિટ થતાં એક વાછરડાનું કરુણ મોત નીપજ્યું છે. રસ્તાની બાજુમાં ખુલ્લા ઈલેક્ટ્રિક વાયર અથવા લોખંડની ફેન્સમાં કરંટ ઉતરવાને કારણે આ ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ ઘટનાને પગલે સ્થાનિક રહીશોમાં વીજ વિભાગ પ્રત્યે ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. લોકોના જણાવ્યા મુજબ વીજ કંપની દ્વારા લાઈનોની યોગ્ય જાળવણી ન થવાને લીધે આવી જીવલેણ દુર્ઘટનાઓ વારંવાર બને છે. જો તંત્રએ સમયસર ધ્યાન આપ્યું હોત, તો આ અબોલ પ્રાણીનો જીવ બચી શક્યો હોત. હાલમાં લોકો પીજીવીસીએલ પાસે તાત્કાલિક રીપેરીંગ કામગીરી કરવાની અને આવી ઘોર બેદરકારી દાખવનાર સામે કડક કાનૂની પગલાં લેવાની માંગ કરી રહ્યા છે.

# કાંચરડી ગામે જનકભાઈ તળાવીયાના પ્રયાસોથી માધ્યમિક શાળા મંજૂર

અમરેલી,તા.૩૦



લાઠી તાલુકાના કાંચરડી ગામ માટે શિક્ષણ ક્ષેત્રે એક ઐતિહાસિક નિર્ણય લેવાયો છે. ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના પ્રયાસોથી કાંચરડી ગામમાં નવી માધ્યમિક શાળા મંજૂર કરવામાં આવી છે. આ મહત્વપૂર્ણ નિર્ણયથી ગામ અને આસપાસના વિસ્તારના વિદ્યાર્થીઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.અત્યાર સુધી આ વિસ્તારના બાળકોને માધ્યમિક શિક્ષણ મેળવવા માટે અન્ય ગામો કે શહેરો સુધી લાંબા થવું પડતું હતું, જેના કારણે ખાસ કરીને દીકરીઓને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. હવે નવી શાળા શરૂ થવાથી વિદ્યાર્થીઓને પોતાના જ ગામમાં ઉચ્ચ કક્ષાનું શિક્ષણ મળશે.

# રાજુલા રેન્જમાં ૬ અને જાફરાબાદ રેન્જમાં ૩ ફોરેસ્ટરની જગ્યા ખાલી

રાજુલા,તા.૩૦

અમરેલી જિલ્લામાં પાલીતાણા શેત્રુંજી ડિવિઝન હેઠળના રાજુલા-જાફરાબાદ રેન્જમાં સ્ટાફની મોટી અછતના કારણે સ્થિતિ ખરાબ બની છે. રાજુલા રેન્જમાં સૌથી વધુ સિંહ હોવા છતાં છ ફોરેસ્ટરની જગ્યા ખાલી છે. રાજુલા રેન્જમાં ધારેશ્વર રાઉન્ડના ફોરેસ્ટર, રાજુલા રાઉન્ડ ફોરેસ્ટર, બાબરીયાધાર રાઉન્ડ ફોરેસ્ટર, વિકટર રાઉન્ડ ફોરેસ્ટ, રેલવે ટ્રેક રાઉન્ડ ફોરેસ્ટર, સૂચિત રેસ્કયુ રાઉન્ડ ફોરેસ્ટર જગ્યા ખાલી છે. માત્ર એક ઝાંઝરડા એનિમલ કેર સેન્ટરમાં ફોરેસ્ટર હાજર છે. રેન્જ કચેરી ઓફીસ કલાર્કની જગ્યા ખાલી છે. અન્ય ૧૨ બીટ ગાર્ડ ૧ આર.એફ.ઓની જગ્યા ભરેલી છે. જાફરાબાદ રેન્જમાં નાગેશ્રી ફોરેસ્ટર, ટીબી રાઉન્ડ ફોરેસ્ટર, જાફરાબાદ એનિમલ કેર સેન્ટરમાં ફોરેસ્ટર અને બીટ ગાર્ડની જગ્યા ખાલી હોવાથી અન્ય ફોરેસ્ટર પાસે ચાર્જથી કામગીરી ચલાવવામાં આવી રહી છે.રાજુલા પીપાવાવ રેલવે ટ્રેક સિંહોના વિસ્તારમાંથી દર ૨૫ મિનિટએ ગુડ્સ ટ્રેન દોડે છે સિંહોની અવર જવર ક્રોસિંગ ૨૪ કલાક થાય છે. આ ઉપરાંત રાજુલા જાફરાબાદ કોસ્ટલમાંથી ભાવનગર સોમનાથ નેશનલ હાઈવે પસાર થાય છે તાજેતરમાં સિંહોના વાહન અડફેટે મોત થયા છે. જાફરાબાદ રેન્જમાં સિંહોની અવર જવર મોટાભાગે સિંહો ખુલ્લેઆમ ફરે છે. સિંહોની સુરક્ષા વધારવા માટે રાજય સરકાર તાકીદે નવા સ્ટાફ માટે ભરતી કરવા માટેની માંગણી ઉઠી છે.

Jitendra Sanghani
Cell : 98254 22922

MARUTI SUZUKI

મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ

કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)




વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર

ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોન: ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

# બાબરા પાલિકા પ્રમુખે વોર્ડ નં. ૨માં સફાઈ અભિયાનનું કર્યું નિરીક્ષણ



તસવીર : દિપક કનૈયા

બાબરા,તા.૩૦

બાબરા નગરપાલિકાના પ્રમુખ રંજનબેન પરવાડીયાએ પોતાના પતિ રમેશભાઈને સાથે લઈ વોર્ડ નં. ૨ વિસ્તારમાં સફાઈ અભિયાન અને નગરપાલિકાની કામગીરીનું સ્થળ પર જઈ નિરીક્ષણ કર્યું હતું. આ દરમિયાન વોર્ડ નં. ૨ના સભ્ય વસંતબેન ખોડલભાઈ મકવાણા પણ ઉપસ્થિત રહ્યા હતા. નિરીક્ષણ દરમિયાન વિસ્તારમાં સફાઈ વ્યવસ્થા, ગટર લાઈન, વરસાદી પાણીના નિકાલ સહિતની વિવિધ નાગરિક સુવિધાઓની સમીક્ષા કરવામાં આવી હતી. સ્થાનિક રહેવાસીઓ પાસેથી પણ વિવિધ પ્રશ્નો અને રજૂઆતો સાંભળી તેના ઝડપી નિરાકરણ માટે સંબંધિત વિભાગોને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. નગરપાલિકા પ્રમુખ રંજનબેન પરવાડીયાએ જણાવ્યું હતું કે બાબરા શહેરના તમામ વોર્ડોમાં સ્વચ્છતા જળવાઈ રહે તેમજ ગટર અને પાણી સંબંધિત પ્રશ્નોનો તાત્કાલિક ઉકેલ લાવવા માટે નગરપાલિકા પ્રતિબદ્ધ છે. શહેરના નાગરિકોને વધુ સારી અને સુવિધાસભર સેવાઓ મળે તે માટે સતત મોનીટરીંગ અને સ્થળ મુલાકાતો કરવામાં આવશે.

સૌરાષ્ટ્ર ગુજરાતનું નામાંકિત ગર્લ્સ સંકુલ
વ્યાજબી ફી - સારૂ શિક્ષણ ઉચ્ચ પરિણામ
ડેઈલી ટેસ્ટ - રીપીટેડલી ટ્રાઈમંથલી Exam
KG ધો. ૧૨ ICSE - GSEB ઈંગ્લીશ મિડીયમ - કોમર્સ સાયંસ
KG ધો. ૧૨ ગુજરાતી મિડીયમ આર્ટસ કોમર્સ સાયંસ
સુવ્યસ્થિત સ્કૂલ એક્ટીવીટી હોસ્ટેલ ભોજનાલય મેડીકલ સારી વ્યવસ્થા
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢ રોડ, અમરેલી-Ad 085

## NAME AND ADDRESS CHANGED

I hereby declare, Khushalbhai Dhirajlal Rakholiya . My old name and address have been changed. My old name Khushal Dhirajlal Rakholiya and Address – AT- Nani Monpari -TA- Visavadar , Di- Junagadh -362120 From Khushalbhai Dhirajlal Rakholiya and address Shyam Nagar-2, Liliya Road - Amreli -365601. Therefore, from now on I am known by this name and address

## :: જાહેર નોટિસ ::

આથી અમો નીચે સહી કરનાર સંજય એચ.ભેસાણીયા, એડવોકેટ એન્ડ નોટરી , રહે.અમરેલી તે મારા અસીલ શ્રીમતી ભાવનાબેન રસિકભાઈ સાવલિયા, રહે.જેશીંગપરા, અમરેલીની સુચનાથી આથી જાહેર જનતા જોગ આ નોટીસ કમ ચેતવણી આપી જણાવીએ છીએ કે,ગુજરાત રાજ્યના અમરેલી જીલ્લાના અમરેલી શહેર તાલુકાના અમરેલી ગામે જેશીંગપરા, નીલકંઠ ફાર્મની પાછળ ના રસ્તે સર્વે નંબર ૮૨૮ પૈકી ૪, ખાતા નંબર ૨૫૩૩૭,કે જેના હે.આરે.ચો.મી.૭-૨૩-૩૮ છે જે ખેતીની જમીન હાલ સાવલિયા મગનભાઈ કરમશીભાઈ ,રહે.અમરેલી વાળાના ખાતે ચાલે છે.જે મારા સસરા થાય છે તેના સીધીલીટીના કાયદેસર વારસદાર મારા પતિ રસિકભાઈ મગનભાઈ સાવલિયા છે જેઓનું તા.૩૧/૦૭/૨૦૧૦ ના રોજ અવસાન થયેલ છે અને અમો તથા અમારા પુત્ર ગૌરવ તથા પુત્રી જાનકી અને અંકિતા એમ કુલ ૪ સીધીલીટીના વારસદારો છીએ તે મુજબ મારા સસરાના કાયદેસરના વારસદાર તરીકે હું તથા મારા વારસદારોને ઉપરોક્ત મિલકતમાં કાયદેસરનો હક્ક, હિત અને હિસ્સો પ્રાપ્ત થાય છે. તેમ છતાં મારા સસરા દ્વારા અમારા કાયદેસરના હક્ક-હિસ્સાને માન્ય રાખવામાં આવતો નથી અને હક્ક હિસ્સો આપવા માંગતા નથી.અમારી જાણ બહાર મિલકત અંગે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવે તેવી શક્યતા છે. આથી જાહેર જનતાને તથા સંબંધિત તમામ વ્યક્તિઓને ચેતવણી આપવામાં આવે છે કે ઉપરોક્ત જમીન અંગે કોઈપણ પ્રકારનો વેચાણ, બક્ષિસ, ગીરો, હક તબદીલી, કરાર અથવા અન્ય કોઈ વ્યવહાર કરતા પહેલાં અમારા હક્ક-હિત અંગે યોગ્ય તપાસ કરી લેવી. જો કોઈ વ્યક્તિ અમારા હક્ક અને હિતને અવગણીને કોઈપણ પ્રકારનો વ્યવહાર કરશે તો તે પોતાના જોખમે અને જવાબદારીથી કરશે, અને તે અંગેની તમામ કાનૂની જવાબદારી તેની પોતાની રહેશે. અમારા હક્ક, હિત અથવા દાવા અંગે કોઈ વ્યક્તિને કોઈ વાંધો કે જાણકારી હોય તો આ નોટિસ પ્રસિદ્ધ થયાના ૭ દિવસમાં નીચે જણાવેલ સરનામે લેખિતમાં જાણ કરવી, અન્યથા કોઈ વાંધો નથી તેમ માની આગળની કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.

તા.૩૦/૦૫/૨૦૨૬
અમરેલી.

અમારા અસીલની સુચનાથી
ભાવનાબેન રસિકભાઈ સાવલીયા

સંજય એચ.ભેસાણીયા
એડવોકેટ એન્ડ નોટરી
જી-૬૯, ગ્રાઉન્ડ ફ્લોર,
સરદાર શોપિંગ સેન્ટર,
જીલ્લા પંચાયત સામે,અમરેલી
(મો.૯૩૭૪૫ ૯૬૭૪૫)




|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી ૧|| || શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ||
અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...



YJ
યમુના જ્વેલર્સ
(અમરાપુર વાળા)
અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જ્વેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.
- શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
- નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જ્વેલરીનો વિશાળ ખજાનો
- પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ

અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.

સ્થળ : દુ.નં. - ૩, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.
હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૮૧૪૧૨ ૦૭૭૩૬

# સાવરકુંડલા તાલુકામાં મહેશ કસવાલાના હસ્તે ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરાયું

સાવરકુંડલા,તા.૩૦

સાવરકુંડલા-લીલીયા વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના હસ્તે તાલુકાના વિવિધ ગામોમાં ગ્રામીણ વિકાસને વેગ આપતા રૂ. ૭૫ લાખના પ્રશંસનીય કાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ગ્રામ્ય વિસ્તારોમાં આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ બને અને વહીવટી કામગીરી વધુ



સુવ્યવસ્થિત થાય તે હેતુથી આ કામો હાથ ધરાયા છે.આ અંતર્ગત પિપળવા ગામે રૂ. ૨૫ લાખના ખર્ચે નિર્માણ પામનાર નવા ગ્રામ સચિવાલયનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું, જેનાથી વહીવટી સેવાઓ વધુ સરળ બનશે. ત્યારબાદ જીજાવદર ગામે પણ રૂ. ૨૫ લાખના ખર્ચે નવા પંચાયત ઘરનું ખાતમુહૂર્ત કરતા ધારાસભ્યએ જણાવ્યું કે સરકાર ગામડાઓના સર્વાંગી વિકાસ માટે કટિબધ્ધ છે. આ ઉપરાંત, વિરડી ગામે રૂ. ૨૫ લાખના ખર્ચે નવનિર્મિત ગ્રામ સચિવાલયનું લોકાર્પણ કરાયું હતું, જેથી ગ્રામજનોને એક જ સ્થળે તમામ સરકારી સેવાઓનો લાભ મળશે. આ પ્રસંગે સ્થાનિક આગેવાનો, પંચાયતના હોદ્દેદારો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# પર્યાવરણ અને ઈંધણ બચત માટે અમરેલી ન્યાયતંત્રની અનોખી પહેલ

**વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી અને પક્ષકારોને રાહત આપતા મહત્વના નિર્ણયો લેવાયા**

અમરેલી,તા.૩૦

વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિ અને પર્યાવરણની જાળવણી પ્રત્યે નૈતિક જવાબદારી સમજીને અમરેલી ડિસ્ટ્રિક્ટ કોર્ટ અને જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા પ્રશંસનીય પહેલ કરવામાં આવી છે. પર્યાવરણની સુરક્ષા તેમજ ઈંધણની અછતને પહોંચી વળવા માટે અમરેલી ન્યાયતંત્રનાં વડા રીઝવાનાબેન બુખારી દ્વારા બે મહત્વના પરિપત્રો જાહેર કરીને સમાજ સમક્ષ એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું છે. આગામી તારીખ ૦૫/૦૬/૨૦૨૬ ના રોજ 'વિશ્વ પર્યાવરણ દિવસ' નિમિત્તે અદાલતમાં આવવા-જવા માટે માત્ર સાયકલ, પબ્લિક ટ્રાન્સપોર્ટ અથવા ઈલેક્ટ્રિક વાહનોનો જ ઉપયોગ કરવાનો આગ્રહ રાખવામાં આવ્યો છે. આ અનોખી ઝુંબેશમાં જિલ્લાના તમામ ન્યાયાધિશો, કોર્ટ સ્ટાફ, વકીલો અને પેનલ એડવોકેટ્સ જોડાઈને પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરશે.આ ઉપરાંત, ઈંધણની કરકસર કરવાના ભાગરૂપે તાબાની તમામ કોર્ટોમાં જે કેસો પક્ષકારોની ગેરહાજરીમાં ચલાવી શકાય તેમ હોય, તેમાં પક્ષકારોની રૂબરૂ હાજરીનો આગ્રહ રાખવામાં આવશે નહીં. આ નિર્ણયના કારણે કોર્ટમાં આવતા પક્ષકારોના બિનજરૂરી ફેરા ટળશે, જેનાથી પેટ્રોલ-ડીઝલની મોટી બચત થશે અને સામાન્ય જનતાને આર્થિક રાહત પણ મળશે. ન્યાયતંત્રની આ નવતર પહેલને વકીલ મંડળ અને સ્ટાફ તરફથી બહોળો પ્રતિસાદ મળી રહ્યો છે.

**આગેવાનોએ મુલાકાત લઈને શુભકામના પાઠવી**

# અમરેલી જિલ્લા પંચાયતના પ્રમુખ તરીકે દક્ષાબેન ચોડવડિયાએ ચાર્જ સંભાળ્યો

બાબરા,તા.૩૦

દક્ષાબેન ચોડવડિયાએ અમરેલી જિલ્લા પંચાયતના પ્રમુખ તરીકે સત્તાવાર રીતે પોતાનો ચાર્જ સંભાળી લીધો છે.

આ પ્રસંગે વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ અને જનપ્રતિનિધિઓએ ખાસ હાજરી આપીને તેમને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી. મોટા દેવળીયા જિલ્લા પંચાયતના સભ્ય પ્રભાતભાઈ કોઠીવાળ, બાબરા તાલુકા પંચાયતના સભ્ય કિરીટભાઈ બગડા તેમજ વાવડાના પૂર્વ સરપંચ જયસુખભાઈ રામાણીએ રૂબરૂ મુલાકાત લઈને દક્ષાબેનને તેમના સફળ કાર્યકાળ અને લોકહિતના કાર્યો માટે શુભકામનાઓ આપી હતી.તમામ આગેવાનોએ પૂર્ણ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે દક્ષાબેન ચોડવડિયાના



તસવીર : દિપક કનૈયા

સક્ષમ નેતૃત્વ હેઠળ અમરેલી જિલ્લા પંચાયત પ્રગતિના નવા શિખરો સર કરશે. આ નેતૃત્વથી જિલ્લાના અંતરિયાળ ગામડાઓમાં સરકારી વિકાસલક્ષી યોજનાઓને વધુ વેગ મળશે. આ શુભેચ્છા મુલાકાત દરમિયાન જિલ્લાના સર્વાંગી વિકાસ, ગ્રામીણ ક્ષેત્રની પાયાની સુવિધાઓ અને લોકોના પ્રશ્નોના ઝડપી તેમજ સકારાત્મક નિરાકરણ લાવવા અંગે પણ અનૌપચારિક અને મહત્વપૂર્ણ ચર્ચા કરવામાં આવી હતી.

પ્રમુખ તરીકે પદભાર સંભાળવા બદલ દક્ષાબેનને વિવિધ સમાજના અગ્રણીઓએ પણ અભિનંદન પાઠવ્યા હતા.

# રાજ્ય યોગ બોર્ડ દ્વારા રાજુલામાં આયોજિત સમર કેમ્પનું સમાપન

અમરેલી,તા.૩૦

ગુજરાત રાજ્ય યોગ બોર્ડના વિશેષ માર્ગદર્શન હેઠળ રાજુલા શહેરમાં આયોજિત પંદર દિવસીય 'સમર યોગ કેમ્પ ૨૦૨૬'નું સફળતાપૂર્વક સમાપન થયું છે. ગત ૧૬ મે ૨૦૨૬ થી શરૂ થયેલા આ સંપૂર્ણ નિઃશુલ્ક શિબિરમાં અંદાજે ૧૩૦ જેટલા ઉત્સાહી બાળકોએ ભાગ લઈ યોગાભ્યાસના



પાઠ શીખ્યા હતા. આ કેમ્પના વિદાય સમારોહમાં રાજુલાના વર્તમાન ધારાસભ્ય હીરાભાઈ સોલંકી અને પૂર્વ ધારાસભ્ય અમરીશભાઈ ડેર સહિત ડૉ. મૂછડીયા, ડૉ. કાનજીભાઈ બલદાણીયા તેમજ કનુભાઈ વરુ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

# કેરિયા ગામે ગૂગલ પે ટ્રાન્ઝેક્શન કરાવી ખેડૂત સાથે સાયબર લૂંટ

લાઠી, તા.૩૦

અમરેલી જિલ્લામાં પોલીસ સાયબર ફ્રોડ સામે સતત અવેરનેસ કેમ્પેન ચલાવતી હોવા છતાં સમયાંતરે કિસ્સા સામે આવતા રહે છે. આવો જ કિસ્સો લાઠી પંથકમાં સામે આવ્યો હતો.

કેરિયા ગામે અજાણ્યા ગઠિયાએ ખેડૂતને પોતાની ખોટી ઓળખ આપી અને વિશ્વાસમાં લઈ બેંક ખાતામાંથી હજારો રૂપિયા સેરવી લીધા હોવાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ હતી. જગદીશભાઈ ધીરૂભાઈ ગામી (ઉં.વ.૪૫)એ અજાણ્યા મોબાઈલ નંબર ધારક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીએ ખોટી ઓળખ આપી, ખોટી હકીકત રજૂ કરી તેમની સાથે વિશ્વાસઘાત કરી Google Pay એકાઉન્ટ ચલાવડાવી તેમના બેન્ક એકાઉન્ટ માંથી રૂ.૩૧,૦૬૯ ની રકમ કપાવી લઈ સાયબર ફ્રોડ કર્યો હતો. લાઠી પોલીસ સ્ટેશનના પી આઈ એમ.બી.ઔસુરા વધુ તપાસ કરી રહ્યા છે.

**માત્ર ૫૫૦ રૂપિયામાં લેપટોપ આપવાની જાહેરાત હતી**

# જાફરાબાદમાં રીલ્સ જોઈ લેપટોપનો ઓર્ડર આપવાનું વિદ્યાર્થીને ભારે પડ્યું

**રૂપિયા ૨૬,૧૨૩ની છેતરપિંડી**

જાફરાબાદ, તા. ૩૦

જાફરાબાદમાં એક વિદ્યાર્થીને સોશિયલ મીડિયામાં રીલ્સ જોઈ લેપટોપનો ઓર્ડર આપવાનું ભારે પડ્યું હતું અને રૂ. ૨૬,૧૨૩ની છેતરપિંડી આચરવામાં આવી હતી. આ અંગે પાર્થભાઈ રમેશભાઈ સોલંકી ઉર્ફે આંધરીવાળા (ઉ.વ.૧૮)એ અજાણ્યા મોબાઈલ નંબર ધારક સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમના ઈન્સ્ટાગ્રામમાં એક વીડિયો રીલ આવી હતી, જેમાં ૫૫૦ રૂપિયામાં લેપટોપ વેચતા હોવાનું જણાવાયું હતું. તેમને લેપટોપ ખરીદવું હોવાથી વીડિયો નીચે આપેલી લિંક પર સંપર્ક કર્યો હતો. લિંક પર ક્લિક કરતાં ડાયરેક્ટ વોટ્સએપ નંબર પર રીડાયરેક્ટ થયા હતા અને તેમની સાથે લેપટોપ લેવા બાબતે વાતચીત થઈ હતી. આરોપીએ અલગ-અલગ ક્યુ.આર. કોડ મોકલી ટુકડે-ટુકડે કુલ રૂ. ૨૬,૧૨૩નું ટ્રાન્જેક્શન કરાવી લીધું હતું અને લેપટોપની ડિલિવરી નહીં કરીને વિશ્વાસઘાત કર્યો હતો.

જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પી.આઈ. એમ.બી. ગોહિલ વધુ તપાસ કરી રહ્યા છે.




# બાબરાના કોટડાપીઠા ગામેથી મહિલા પાસેથી ૧૩ લીટર દેશી દારૂ ઝડપાયો

અમરેલી, તા.૩૦

અમરેલી જિલ્લામાં અલગ-અલગ સ્થળોએથી છ લોકો પાસેથી દેશી દારૂ મળી આવ્યો હતો. જેમાં બાબરાના કોટડાપીઠા ગામેથી એક મહિલા પાસેથી ૧૩ લીટર દેશી દારૂ પકડાયો હતો. આ સિવાય અન્ય એક મહિલા સહિત પાંચ લોકો પાસેથી ૧૭ લીટર દેશી દારૂ મળી આવ્યો હતો. આ ઉપરાંત, જિલ્લામાંથી ૧૧ લોકો વગર પાસ-પરમિટો કેફી પ્રવાહી પીધેલી (નશાની) હાલતમાં જાહેરમાં ફરતા મળી આવ્યા હતા.







## :: જાહેર નોટીસ ::

આથી અમો નીચે સહી કરનાર-એસ.પી.ભડકોલીયા, (એમ.કોમ, એલ.એલ.બી., એડવોકેટ & નોટરી), સરનામુ–પોલીસ સ્ટેશન સામે, મુ.લીલીયા, તા.લીલીયા, જિ.અમરેલી ના અમના અસીલની સુચના અને ફરમાઈશ મુજબ નીચેની વિગતે જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે,

અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના મોજે–ખાલપર ગામે ખેડુત ખાતા નં-૪૦૦ની ખેતીના માલીકશ્રી પરમાર ભોળાભાઈ ભુરાભાઈ ના સ્વતંત્ર નામે સ.નં-૪૧/૧, ક્ષેત્ર.હે.આરે.ચોમી.૧-૬૫-૯૨, આકાર-૧૪.૦૬ તથા સ.નં-૪૧/૨, ક્ષેત્ર.હે.આરે.ચોમી.૦–૧૧–૧૩, આકાર-૦.૮૭ વાળી ખેતીની જમીનો આવેલ છે. સદરહુ જમીનના ૭/૧૨ માં અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. વંડા શાખાના તારણમાં બોજો નોંધાયેલ છે. તે સિવાય રજુ કરેલ ૭/૧૨, ૮અ મુજબ અન્ય કોઈનો બોજો, ગીરો, હક નોંધાયેલ નથી.

ઉપરોક્ત જણાવ્યા મુજબના ખેડુત ખાતેદાર માલિક પાસેથી ઉપરોકત વિગતે જણાવેલ સર્વેનંબર, ખાતા નંબર, ક્ષેત્રફળ, તેમજ આકાર વાળી ખેતીની જમીન અમોના અસીલ વેચાણથી ખરીદ કરી, લેવા માંગતા હોઈ, જેથી જાહેર જનતાને આથી જાણ કરવામાં આવે છે કે, ઉપરોકત જણાવેલ જમીન ઉપર કોઈનો હક, હિત, હિસ્સો, દાવો, લીયન, બોજો, ગીરો, વેચાણખત, સાટાખત કે બાનાખત તેમજ લાગ ભાગ કે હક હિસ્સો સમાયેલા હોય તો, આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૦ (દસ) માં અમો રૂબરૂ આધાર પુરાવાઓ સાથે ઉપરના સરનામે રજુ કરશો. જો તેમ નહિ કરવામાં આવે તો હક જતો (વેવ) કરેલ છે, તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.

સદરહુ ખેતીની જમીન સંબંધે કોઈપણ પ્રકારના રેવન્યુ ખાતામાં, પંચાયત વિભાગમાં, કે કોઈ પ્રકારની કોર્ટમાં કે અન્ય કોઈ જગ્યાએ વાદ વિવાદ ચાલતા હોય, કે ચાલેલ હોય તો તેવા વાદ વિવાદના પક્ષકારોએ સાધનીક કાગળો સાથે આ નોટીસની તારીખથી દિન-૧૦ (દસ) માં અમારો ઉપરના સરનામે સંપર્ક કરવો. જો તેમ નહિ કરવામાં આવે તો ઉપરોકત ખેતીની જમીન ટાઈટલ કલીયર છે. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. ત્યારબાદ કોઈપણને વાંધો, વચકો કે તકરાર ચાલશે નહિ. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

મારા અસીલની સુચના અને ફરમાઈશથી....

સ્થળ :- લીલીયા
તારીખ :- ૨૯/૫/૨૦૨૬

એસ.પી.ભડકોલીયા
(એડવોકેટ & નોટરી)
મો.નં.૯૮૯૮૩ ૧૩૮૯૪




## :: જાહેર નોટીસ ::

આથી અમો નીચે સહી કરનાર-એસ.પી.ભડકોલીયા, (એમ.કોમ, એલ.એલ.બી., એડવોકેટ & નોટરી), સરનામુ–પોલીસ સ્ટેશન સામે, મુ.લીલીયા, તા.લીલીયા, જિ.અમરેલી ના અમના અસીલની સુચના અને ફરમાઈશ મુજબ નીચેની વિગતે જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે,

અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના મોજે-લીલીયા ગામે ખેડુત ખાતા નં-૮૦૧ ની ખેતીના માલીકશ્રી વાજા નાથાલાલ કેશવલાલ, રે.તાલાલા ના સ્વતંત્ર નામે સ.નં-૧૦૦ પૈકી ૧/ પૈકી ૧, ક્ષેત્ર. હે.આરે.ચોમી.-૪૦-૪૭, આકાર–૨.૦૦ વાળી ખેતીની જમીન આવેલ છે. તેમજ રજુ કરેલ ૭/૧૨, ૮અ મુજબ અન્ય કોઈનો બોજો, ગીરો, હક નોંધાયેલ નથી.

ઉપરોક્ત જણાવ્યા મુજબના ખેડુત ખાતેદાર માલિક પાસેથી ઉપરોકત વિગતે જણાવેલ સર્વેનંબર, ખાતા નંબર, ક્ષેત્રફળ, તેમજ આકાર વાળી ખેતીની જમીન અમોના અસીલ વેચાણથી ખરીદ કરી, લેવા માંગતા હોઈ, જેથી જાહેર જનતાને આથી જાણ કરવામાં આવે છે કે, ઉપરોકત જણાવેલ જમીન ઉપર કોઈનો હક, હિત, હિસ્સો, દાવો, લીયન, બોજો, ગીરો, વેચાણખત, સાટાખત કે બાનાખત તેમજ લાગ ભાગ કે હક હિસ્સો સમાયેલા હોય તો, આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમો રૂબરૂ આધાર પુરાવાઓ સાથે ઉપરના સરનામે રજુ કરશો. જો તેમ નહિ કરવામાં આવે તો હક જતો (વેવ) કરેલ છે, તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.

સદરહુ ખેતીની જમીન સંબંધે કોઈપણ પ્રકારના રેવન્યુ ખાતામાં, પંચાયત વિભાગમાં, કે કોઈ પ્રકારની કોર્ટમાં કે અન્ય કોઈ જગ્યાએ વાદ વિવાદ ચાલતા હોય, કે ચાલેલ હોય તો તેવા વાદ વિવાદના પક્ષકારોએ સાધનીક કાગળો સાથે આ નોટીસની તારીખથી દિન-૭ (સાત) માં અમારો ઉપરના સરનામે સંપર્ક કરવો. જો તેમ નહિ કરવામાં આવે તો ઉપરોકત ખેતીની જમીન ટાઈટલ કલીયર છે. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. ત્યારબાદ કોઈપણનો વાંધો, વચકો કે તકરાર ચાલશે નહિ. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

મારા અસીલની સુચના અને ફરમાઈશથી....

સ્થળ :- લીલીયા
તારીખ :- ૨૯/૫/૨૦૨૬

એસ.પી.ભડકોલીયા
(એડવોકેટ & નોટરી)
મો.નં.૯૮૯૮૩ ૧૩૮૯૪

## ગ્રીન આર્મી "મારુ ગામ હરિયાળુ ગામ" અંતર્ગત

# મોણપુર ગામે ૩૮૦૦ વૃક્ષોનું વાવેતર અને વિતરણ

અમરેલી,તા.૩૦

અમરેલીના મોણપુર ગામ ખાતે ગ્રામજનોના આર્થિક લોકફાળા અને સ્વયં શ્રમદાનથી તારીખ ૧૫/૫/૨૬ થી ૨૫/૫/૨૬ દરમિયાન "મારુ ગામ હરિયાળું ગામ" અભિયાનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ગ્રીન આર્મી મોણપુર દ્વારા આયોજિત આ અભિયાનના શુભારંભ સમારોહમાં પરબધામના સંત કેતનબાપુ, ઊર્જા મંત્રી કૌશિકભાઈ વેકરીયા, સાંસદ ભરતભાઈ સુતરીયા તેમજ અન્ય મહાનુભાવો અને વિશાળ સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં શાંતાબા મેડિકલ કોલેજ ટ્રસ્ટ તરફથી વૃક્ષોના પાંજરા માટે આર્થિક સહયોગ પ્રાપ્ત થયો હતો. પૂ. કેતનબાપુએ આશીર્વાદ પાઠવ્યા હતા અને પ્રો. ડો. સી. વી. સાકરીયાએ



વૃક્ષોનું મહત્વ સમજાવી સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન કર્યું હતું. પોતાની જન્મભૂમિ પ્રત્યેનું ઋણ ચૂકવવા ગ્રામજનોએ ઉત્સાહભેર શ્રમદાન કરીને લક્ષ્યાંક કરતાં વધુ એટલે કે ૨૨૦૦ વૃક્ષોનું વાવેતર કર્યું હતું, જ્યારે

**સાંસદ ભરત સુતરીયા અને ઉર્જામંત્રી કૌશિક વેકરીયાની વિશેષ હાજરી**

૧૬૦૦ ફળઉછેરના વૃક્ષોનું ખેડૂતોને વિતરણ કરવામાં આવ્યું હતું.

આમ, કુલ ૩૮૦૦ વૃક્ષોના વાવેતર સાથે તેમના જતન અને રક્ષણની જવાબદારી પણ સ્વીકારવામાં આવી હતી.

# અમરેલી જિલ્લામાં એક પરપ્રાંતીય સહિત ત્રણ પુરુષોના થયા મોત

અમરેલી, તા. ૩૦

અમરેલી જિલ્લામાં ત્રણ લોકોના વિવિધ કારણોસર મોત થયા હોવાનું પોલીસ ચોપડે જાહેર થયું હતું. મૂળ મધ્યપ્રદેશના અને હાલ લાઠીના આંબરડી ગામે રહેતા રીનુબેન સુનીલભાઈ અજનાર (ઉ.વ. ૨૫) એ જાહેર કર્યા મુજબ, તેમના પતિ સુનીલભાઈ સવલાભાઈ અજનાર (ઉ.વ. ૨૪)ને દારૂ પીવાની જૂની ટેવ હતી. છેલ્લા બે-ત્રણ દિવસથી તેમણે પૂરતા પ્રમાણમાં ખોરાક લીધો નહોતો અને શરીરમાં અશક્તિના કારણે મરણ પામ્યા હતા. બીજા બનાવમાં વડિયાના ખડખડ ગામે રહેતા શૈલેષભાઈ વિઠ્ઠલભાઈ વાઘેલા (ઉ.વ.૩૨) એ જાહેર કર્યા મુજબ, વિઠ્ઠલભાઈ સિદીભાઈ વાઘેલા (ઉ.વ.૫૮)ને પોતાના ઘરે ચક્કર આવતા પડથાર ઉપર પડી ગયા હતા. જેથી માથામાં ઈજા થતા બેભાન થઈ જતા રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મરણ પામ્યા હતા. ત્રીજા બનાવમાં વડિયાના પાંચ પીપળા પ્લોટ વિસ્તારમાં રહેતા રમેશભાઈ શામજીભાઈ ટાઢાણી (ઉ.વ.૫૫) એ જાહેર કર્યા પ્રમાણે, હિતેશભાઈ રમેશભાઈ ટાઢાણી (ઉ.વ.૩૦) અગમ્ય કારણોસર પોતાની મેળે પાણીના કૂવામાં પડી જતા, કૂવાના પાણીમાં ડૂબી જવાથી મરણ પામ્યા હતા.

# અમરેલીમાં મહિલાએ મહિલાના વાળ ખેંચી બિભત્સ ગાળો આપી

**પુરુષે છરી બતાવી જાનથી મારવાની ધમકી આપી**

અમરેલી, તા.૩૦

અમરેલીમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી હતી. મહિલાએ મહિલાના વાળ ખેંચી ગાળો આપી હતી, તેમજ પુરુષે છરી બતાવી જાનથી મારવાની ધમકી આપી હતી. બનાવ સંદર્ભે રૂકસાનાબેન ફિરોજભાઈ બ્લોચ (ઉ.વ.૨૧)એ અમરાભાઈ ભરવાડ તથા ચકુબેન અમરાભાઈ ભરવાડ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમના પતિને અમરાભાઈ ભરવાડ પ્લાસ્ટિકના પાઈપ વડે માર મારતા હતા. તેથી તેઓ વચ્ચે પડતાં અમરાભાઈએ તેમને ડાબા હાથે પ્લાસ્ટિકનો પાઈપ મારી તથા ઢીકાપાટુ વડે માર મારી મુંઢ ઈજા કરી હતી. જ્યારે ચકુબેન ભરવાડે તેમના વાળ ખેંચ્યા હતા. જે બાદ બંને આરોપીઓએ ભૂંડી ગાળો આપી હતી, તેમજ છરી વડે જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ ડી. વી. સરવૈયા વધુ તપાસ કરી રહ્યા છે.

## જિલ્લામાં સાયબર ફ્રોડનો વધી રહ્યો છે ગ્રાફ

# અમરેલીમાં BOBના ટેકનિશિયન બનીને પ્રૌઢ સાથે રૂ. ૨.૫૮ લાખની સાયબર લૂંટ

**મોબાઈલ હેક કરીને આચર્યુ ફ્રોડ**

અમરેલી, તા.૩૦

અમરેલી જિલ્લામાં સાયબર ફ્રોડનો ગ્રાફ સતત વધી રહ્યો છે. અમરેલી શહેરમાં ઓનલાઈન બેંકિંગ ફ્રોડનો એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. એક શાતિર હિન્દીભાષી સાયબર ગઠિયાએ પોતાની ઓળખ બેંક ઓફ બરોડાના ટેકનિશિયન તરીકે આપીને એક પ્રૌઢનો મોબાઈલ હેક કરી લીધો હતો અને તેમના જુદા જુદા ત્રણ બેંક ખાતાઓમાંથી કુલ રૂપિયા ૨,૫૮,૦૦૦ની રકમ સેરવી લીધી હતી.

આ અંગે મહેશકુમાર ચંદુલાલ અઢીયા (ઉ.વ.૬૬) એ અજાણ્યા ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, એક અજાણ્યા હિન્દીભાષી ઠગે તેમને ફોન કર્યો હતો. ફોન કરનારે જણાવ્યું હતું કે તે 'બેંક ઓફ બરોડા'માંથી ટેકનિશિયન બોલે છે. તેણે પ્રૌઢને વિશ્વાસમાં લઈ તેમના મોબાઈલમાં એક એપ્લિકેશન શરૂ કરવાના બહાને બેંક ખાતા સાથે લિંક થયેલો અન્ય એક મોબાઈલ નંબર મેળવી લીધો હતો. ત્યારબાદ, સાયબર ગઠિયાએ તેના ફોન પર એક વિશિષ્ટ ફ્લેશ મેસેજ મોકલ્યો હતો. આ મેસેજ પર ક્લિક કરવાની સાથે જ ઠગે તેમનો આખો મોબાઈલ ફોન રિમોટલી હેક કરી લીધો હતો. ફોન હેક કર્યા બાદ આરોપીએ તેના પેટીએમનો સિક્યોરિટી પિન પણ મેળવી લીધો હતો. જે બાદ તેણે ૩ બેંકોના ખાતામાંથી ૪ ટ્રાન્ઝેક્શન કરી રૂ. ૨.૫૮ લાખ સાફ કર્યા હતા. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના પી.આઈ. એ. એમ. ઝાલા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીના ચાંદગઢ ગામે બાવળ કાપવાની ના પાડી ધમકી આપી હોવાનો બનાવ

અમરેલી, તા. ૩૦

અમરેલીના ચાંદગઢ ગામે બાવળ કાપવાની ના પાડી ધમકી આપી માર મારવામાં આવ્યો હોવાનો બનાવ સામે આવ્યો છે.

આ અંગે પ્રતિકભાઈ આશિષભાઈ રાવલ (ઉં.વ. ૩૨)એ રમેશભાઈ કોળી, રાજેન્દ્રભાઈ ખુમાણ તથા બે અજાણ્યા ઈસમો સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, પ્રતિકભાઈની વાડીએ તેમના મજૂરો શેઢા ઉપરથી બાવળ કાપતા હતા.

તે સમયે રમેશભાઈ કોળી તથા બે અજાણ્યા ઈસમોએ મજૂરોને બાવળ કાપવાની ના પાડી ધમકી આપી હતી.આથી પ્રતિકભાઈ ચાંદગઢ ગામે ગયા હતા અને મજૂરોને સાથે રાખી રમેશભાઈ કોળીના ઘરે જઈ ધમકી આપવા બાબતે પૂછપરછ કરી હતી.

આ સમયે અચાનક કુહાડીનો એક ઘા તેમના માથાના પાછળના ભાગે મારવામાં આવ્યો હતો, તેમજ બે અજાણ્યા ઈસમોએ લાકડાના ધોકા વડે તેમના જમણા પગે તથા મજૂરોને શરીરે માર માર્યો હતો. ચારેય આરોપીઓએ તેમને તથા તેમના મજૂરોને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ. જે. ગોંડલીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલામાં કોર્ટમાં જુબાની આપ્યાના મનદુ:ખમાં જાનથી મારવાની ધમકી આપી

**મેંદરડા તાલુકાના અમરગઢ ગામના શખ્સ સામે સા.કુંડલા ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ**

સાવરકુંડલા, તા.૩૦

સાવરકુંડલામાં કોર્ટમાં જુબાની આપ્યાના મનદુ:ખમાં જાનથી મારવાની ધમકી આપવામાં આવી હતી. આ અંગે ભરતભાઈ જગુભાઈ ગીડા (ઉ.વ.૩૩) એ જૂનાગઢના મેંદરડા તાલુકાના અમરગઢ ગામે રહેતા પ્રતાપભાઈ હરસુરભાઈ ગીડા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમના કુટુંબી કાકા પ્રતાપભાઈએ કાનાતળાવ ગામે રહેતા અનીલભાઈ રાદડીયાનું ૨૦૧૯ ની સાલમાં અપહરણ કર્યું હતું. જેથી તેમના કાકા વિરૂદ્ધ અપહરણનો ગુનો નોંધાયો હતો.

જ્યારે અનીલભાઈનું અપહરણ થયું, ત્યારે અનીલભાઈ તેમની ફોરવ્હીલ ગાડી લઈને ગયા હતા. આ બાબતે તેમણે કોર્ટમાં પોતાના કાકા પ્રતાપભાઈ વિરૂધ્ધ જુબાની આપી હતી. જે બાબતનું મનદુ:ખ રાખીને આરોપીએ ફોન ઉપર જેમ ફાવે તેમ બીભત્સ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એન.એન. ખસતીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૫૮૦ | ૧૮૮૦ |
| ઘઉં લોકવન | ૪૫૨ | ૫૦૨ |
| ઘઉં ટુકડા | ૪૫૫ | ૫૪૬ |
| જુવાર સફેદ | ૯૭૦ | ૧૦૫૪ |
| જુવાર લાલ | ૮૮૦ | ૧૦૦૨ |
| જુવાર પીળી | ૪૧૧ | ૪૭૦ |
| બાજરી | ૩૦૦ | ૪૩૮ |
| તુવેર | ૧૨૩૦ | ૧૫૨૦ |
| ચણા પીળા | ૧૧૧૫ | ૧૧૯૦ |
| ચણા સફેદ | ૧૧૭૫ | ૧૭૩૦ |
| અડદ | ૧૧૮૦ | ૧૬૩૩ |
| મગ | ૧૩૫૦ | ૧૮૮૦ |
| વાલ દેશી | ૭૩૦ | ૧૦૦૨ |
| ચોળી | ૯૬૧ | ૧૫૩૫ |
| વટાણા | ૬૫૦ | ૯૫૦ |
| કળથી | ૩૫૧ | ૪૫૦ |
| રાજમા | ૧૦૫૦ | ૧૩૮૦ |
| સીંગદાણા | ૧૪૮૦ | ૧૭૯૦ |
| મગફળી જાડી | ૧૨૯૦ | ૧૬૬૫ |
| મગફળી જીણી | ૧૨૮૦ | ૧૮૦૦ |
| તલી | ૨૦૦૦ | ૨૪૦૫ |
| સુરજમુખી | ૯૪૫ | ૧૨૬૦ |
| એરંડા | ૧૧૦૦ | ૧૩૧૩ |
| અજમો | ૧૪૨૫ | ૨૫૫૦ |
| સુવા | ૧૦૦૦ | ૧૩૨૧ |
| સોયાબીન | ૧૩૫૦ | ૧૬૭૫ |
| સીંગફાડા | ૧૩૦૦ | ૧૬૭૦ |
| કાળા તલ | ૨૧૫૦ | ૩૫૫૨ |
| લસણ | ૯૧૧ | ૧૫૫૦ |
| ધાણા | ૨૨૪૦ | ૨૪૯૦ |
| ધાણી | ૨૩૨૦ | ૨૬૦૧ |
| વરીયાળી | ૯૦૦ | ૨૩૮૦ |
| જીરૂ | ૩૩૫૦ | ૩૮૦૦ |
| રાય | ૧૩૧૧ | ૧૭૭૮ |
| મેથી | ૧૧૦૦ | ૧૭૦૦ |
| ઇસબગુલ | ૧૩૧૫ | ૧૮૫૦ |
| કલોંજી | ૨૫૭૫ | ૩૩૯૦ |
| રાયડો | ૧૨૨૧ | ૧૪૨૮ |

| | | |
|---|---|---|
| રજકાનું બી | ૪૭૦૦ | ૬૮૪૦ |
| ગુવારનું બી | ૧૦૦૦ | ૧૧૯૭ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| કેરી કાચી | ૩૧૮ | ૫૧૯ |
| લીંબુ | ૧૦૪૮ | ૨૦૨૬ |
| સાકરટેટી | ૧૪૪ | ૩૦૧ |
| તરબુચ | ૧૦૨ | ૨૦૭ |
| પપૈયા | ૭૭ | ૧૫૨ |
| બટેટા | ૧૪૦ | ૨૮૯ |
| ડુંગળી સુકી | ૭૨ | ૩૫૫ |
| ટમેટા | ૨૮૨ | ૬૧૧ |
| સુરણ | ૮૨૧ | ૧૦૩૯ |
| કોથમરી | ૭૭૮ | ૧૧૫૫ |
| રીંગણા | ૧૩૨ | ૨૮૬ |
| કોબીજ | ૧૦૫ | ૨૯૩ |
| ફ્લાવર | ૩૫૨ | ૬૪૯ |
| ભીંડો | ૨૭૮ | ૪૫૬ |
| ગુવાર | ૪૦૭ | ૭૮૮ |
| ચોળાસીંગ | ૩૩૪ | ૬૭૬ |
| ટીંડોળા | ૩૬૧ | ૬૭૫ |
| દુધી | ૧૩૬ | ૨૪૫ |
| કારેલા | ૨૪૩ | ૪૭૬ |
| સરગવો | ૩૧૧ | ૬૨૧ |
| તુરીયા | ૪૧૨ | ૬૨૧ |
| પરવર | ૪૧૮ | ૬૨૨ |
| કાકડી | ૩૦૫ | ૪૯૬ |
| ગાજર | ૨૯૩ | ૪૬૨ |
| વટાણા | ૧૧૨૪ | ૧૩૮૫ |
| ગલકા | ૨૨૫ | ૩૮૬ |
| બીટ | ૨૧૭ | ૩૨૨ |
| મેથી | ૪૭૭ | ૮૦૧ |
| ડુંગળી લીલી | ૪૮૮ | ૭૦૨ |
| આદુ | ૧૪૧૧ | ૧૬૩૩ |
| મરચા લીલા | ૫૦૩ | ૬૯૭ |
| મકાઇ લીલી | ૨૬૧ | ૫૦૨ |
| ગુંદા | ૩૩૨ | ૫૪૧ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૪૧ | ૧૮૫૧ |
| ઘઉં લોકવન | ૪૪૮ | ૫૩૪ |

| | | |
|---|---|---|
| ઘઉં ટુકડા | ૪૫૨ | ૬૦૨ |
| સિંગદાણા જાડા | ૧૬૦૧ | ૧૯૫૧ |
| સિંગ ફાડીયા | ૧૫૦૧ | ૧૭૭૧ |
| એરંડા / એરંડી | ૯૨૬ | ૧૩૧૬ |
| જીરૂ | ૨૫૦૦ | ૩૯૨૧ |
| ક્લંજી | ૧૩૦૧ | ૩૩૨૧ |
| મરચા સૂકા પટ્ટો | ૧૨૦૧ | ૫૩૦૧ |
| લસણ સુકું | ૬૫૧ | ૧૪૬૧ |
| ડુંગળી લાલ | ૮૧ | ૪૦૬ |
| અડદ | ૮૦૦ | ૧૬૧૧ |
| તુવેર | ૮૦૧ | ૧૫૨૧ |
| ઇસબગુલ | ૫૦૦ | ૧૭૪૧ |
| ડુંગળી સફેદ | ૧૦૦ | ૧૩૮ |
| સોયાબીન | ૧૧૦૦ | ૧૫૦૧ |
| ગોગળી | ૧૦૦૦ | ૧૩૪૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૨૦૦ | ૬૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૨૦૦ |
| ગુવાર | ૧૮૦ | ૧૨૦૦ |
| કોબી | ૬૦ | ૩૦૦ |
| દુધી | ૪૦ | ૨૪૦ |
| ફ્લાવર | ૮૦ | ૫૦૦ |
| કાકડી | ૧૦૦ | ૫૦૦ |
| રીંગણા | ૩૦ | ૩૦૦ |
| ભીંડો | ૧૦૦ | ૫૦૦ |
| ગલકા | ૮૦ | ૪૦૦ |
| ગાજર | ૨૦૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૮૦૦ |
| વટાણા | ૧૦૦૦ | ૧૮૦૦ |
| શક્કરીયા | ૩૮૦ | ૫૦૦ |
| કેરી કાચી | ૨૦૦ | ૮૦૦ |
| બટેટા | ૨૦૦ | ૨૬૦ |
| ડુંગળી પુરા | ૧૦ | ૧૨ |
| કોથમીર પુરા | ૩ | ૪ |
| મૂળા પુરા | ૫ | ૧૦ |
| ફોદીનો પુરા | ૧ | ૩ |
| પરવર | ૭૮૦ | ૧૦૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૬૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૧૮૦૦ |

| | | |
|---|---|---|
| મેથી પુરા | ૫ | ૧૦ |
| બીટ પુરા | ૫ | ૧૨ |
| સરગવો પુરા | ૨૦ | ૩૦ |
| ચોરા | ૧૮૦ | ૧૦૦૦ |
| કારેલા | ૨૦૦ | ૬૪૦ |
| મગફળી લીલી | ૬૦૦ | ૮૦૦ |
| કાચા પોપૈયા | ૨૦ | ૩૦૦ |
| આદુ | ૧૮૦ | ૧૭૦૦ |
| પાલક પુરા | ૨ | ૪ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૧૨૨૦ | ૧૨૨૦ |
| શિંગ ૬૬ નંબર | ૧૩૮૦ | ૧૩૮૦ |
| શિંગ મોટી | ૧૦૦૦ | ૧૫૬૫ |
| શિંગ દાણા | ૧૪૦૦ | ૧૭૮૫ |
| શિંગદાણા ફાડા | ૧૩૯૦ | ૧૭૪૦ |
| તલ સફેદ | ૧૨૮૦ | ૨૪૦૫ |
| તલ કાળા | ૨૦૪૦ | ૩૪૯૫ |
| તલ કાશ્મીરી | ૨૩૦૦ | ૨૩૧૦ |
| બાજરો | ૪૭૫ | ૫૧૫ |
| જુવાર | ૪૦૦ | ૯૮૫ |
| ઘઉં ટુકડા | ૪૩૫ | ૫૪૦ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૫૦૦ |
| મકાઈ | ૪૦૦ | ૪૦૦ |
| મગ | ૧૨૦૦ | ૧૬૧૫ |
| અડદ | ૮૫૫ | ૧૫૭૦ |
| ચણા | ૮૪૦ | ૧૧૭૫ |
| સફેદ ચણા | ૧૦૦૦ | ૧૧૬૫ |
| છોલે ચણા | ૧૦૮૦ | ૧૩૯૫ |
| ચોળી | ૧૪૩૫ | ૧૪૩૫ |
| તુવેર | ૧૧૪૦ | ૧૫૭૫ |
| કપાસ | ૧૧૩૦ | ૧૯૩૦ |
| એરંડા | ૧૦૩૦ | ૧૨૯૦ |
| જીરૂ | ૩૧૩૦ | ૩૩૦૦ |
| રાયડો | ૧૧૫૫ | ૧૧૫૫ |
| રાય | ૧૧૯૦ | ૧૫૩૫ |
| ધાણા | ૨૦૬૦ | ૨૩૯૦ |
| ધાણી | ૨૦૦૦ | ૨૪૫૦ |
| મેથી | ૮૯૦ | ૧૩૩૫ |
| સોયાબીન | ૧૧૦૦ | ૧૪૪૫ |


| | | |
|---|---|---|
| કાંગ | ૫૨૫ | ૫૨૫ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૭૦ | ૨૮૦ |
| રીંગણા | ૨૦૦ | ૫૦૦ |
| ફુલાવર | ૪૦૦ | ૬૦૦ |
| કોબીજ | ૨૦૦ | ૩૦૦ |
| શક્કરિયા | ૫૩૦ | ૬૨૦ |
| ટમેટા | ૬૫૦ | ૭૧૦ |
| સુરણ | ૭૭૦ | ૯૦૦ |
| ગાજર | ૫૫૦ | ૬૨૦ |
| દૂધી | ૨૦૦ | ૨૫૦ |
| કારેલા | ૫૫૦ | ૬૫૦ |
| ગલકા | ૨૫૦ | ૩૦૦ |
| કાચીકેરી | ૭૦૦ | ૧૦૦૦ |
| કાકડી | ૫૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૫૦૦ | ૯૦૦ |
| પાકીકેરી | ૮૫૦ | ૧૫૨૦ |
| વટાણા | ૧૫૦૦ | ૧૫૫૦ |
| ચોળા લીલાં | ૪૫૦ | ૬૩૦ |
| તુરીયા | ૭૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૩૫૦ | ૪૫૦ |
| આદુ | ૧૬૦૦ | ૨૨૦૦ |
| કોથમીર | ૪૦૦ | ૬૦૦ |
| મેથીભાજી | ૬૦૦ | ૭૦૦ |
| ફુદીનો | ૪૦૦ | ૫૩૦ |
| ટીંડોરા | ૬૨૦ | ૭૦૦ |
| બીટ | ૩૫૦ | ૪૫૦ |
| સરગવો | ૬૦૦ | ૭૦૦ |
| લીમડો મીઠો | ૧૫૦ | ૨૦૦ |
| મરચા લીલા | ૫૦૦ | ૮૦૦ |
| ડુંગળી સૂકી | ૧૭૦ | ૩૫૦ |
| લસણ સૂકું | ૧૦૦૦ | ૨૦૦૦ |
| પાલક | ૪૦૦ | ૫૦૦ |
| લીંબુ | ૬૦૦ | ૧૨૫૦ |
| મકાઇ | ૩૦૦ | ૪૦૦ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૬૧૦ | ૧૮૭૨ |
| કપાસ મીડીયમ | ૧૫૪૦ | ૧૬૦૦ |

| | | |
|---|---|---|
| મગફળી | ૧૨૨૫ | ૧૩૬૫ |
| તલ સફેદ | ૧૫૨૦ | ૨૨૫૦ |
| તલ કાળા | ૨૭૮૦ | ૩૧૦૦ |
| જીરૂ | ૨૮૪૦ | ૩૭૦૦ |
| ચણા | ૧૧૧૫ | ૧૧૧૫ |
| ઘઉં | ૪૮૦ | ૫૨૦ |
| એરંડા | ૧૦૪૫ | ૧૨૩૫ |
| તુવેર | ૧૧૧૫ | ૧૩૯૫ |
| ધાણા | ૧૬૧૦ | ૨૪૬૦ |
| **ધારી** | | |
| મગફળી | ૧૦૭૦ | ૧૪૦૫ |
| ઘઉં લોકવન | ૪૨૬ | ૪૫૦ |
| ચણા | ૧૦૪૦ | ૧૧૫૦ |
| તુવેર | ૧૨૪૫ | ૧૨૪૫ |
| ધાણા | ૨૧૧૦ | ૨૧૮૫ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૨૦૦ |
| તલ કાળા | ૨૬૧૦ | ૨૬૧૦ |
| મગ | ૧૫૦૦ | ૧૫૦૦ |
| શીંગદાણા | ૧૪૪૫ | ૨૦૩૦ |
| બાજરો | ૪૩૬ | ૪૩૬ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૦૫૦ | ૧૬૦૦ |
| મગફળી નવી | ૧૧૦૦ | ૧૫૦૦ |
| બાજરી હાઈબ્રીડ | ૩૫૦ | ૪૮૦ |
| ઘઉં | ૪૦૦ | ૪૭૮ |
| રાય | ૧૨૦૦ | ૧૪૧૦ |
| મેથી | ૧૦૦ | ૧૩૭૦ |
| જુવાર | ૭૫૫ | ૯૮૬ |
| ચોળી | ૯૫૦ | ૧૫૩૦ |
| અડદ | ૧૫૨૧ | ૧૬૨૬ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૩૦ |
| સફેદ તલ | ૧૮૦૦ | ૨૩૧૦ |
| કાળા તલ | ૨૪૫૦ | ૩૬૮૦ |
| સોયાબીન | ૧૨૧૧ | ૧૪૦૮ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૨૦ |
| મગફળી | ૧૧૦૦ | ૧૨૯૫ |
| ઘઉં લોકવન | ૩૯૦ | ૪૫૦ |

| | | |
|---|---|---|
| મકાઈ | ૪૬૫ | ૪૬૫ |
| તુવેર | ૧૧૨૫ | ૧૩૦૦ |
| ચણા | ૮૦૦ | ૧૧૭૦ |
| કાંગ | ૪૦૦ | ૪૦૦ |
| ધાણા | ૧૩૬૦ | ૨૩૫૦ |
| મેથી | ૧૧૦૦ | ૧૧૦૦ |
| મગ | ૧૩૬૦ | ૧૬૦૫ |
| સોયાબીન | ૧૪૨૦ | ૧૪૭૦ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૨૫૫ |
| એરંડી | ૧૧૧૨ | ૧૧૧૨ |
| તલ કાળા | ૧૮૩૦ | ૨૯૧૧ |
| શીંગદાણા | ૧૫૦૦ | ૧૮૫૦ |
| લસણ | ૭૪૫ | ૭૪૫ |
| **સાવરકુંડલા** | | |
| શિંગ-જીણી | ૧૨૭૦ | ૧૫૫૧ |
| શિંગ મોટી | ૧૨૦૦ | ૧૪૭૫ |
| શિંગ દાણા | ૧૩૦૦ | ૧૭૭૫ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૪૧૧ |
| તલ કાળા | ૨૮૦૦ | ૩૬૨૧ |
| જીરૂ | ૨૮૦૦ | ૩૬૧૧ |
| કપાસ | ૧૫૫૦ | ૧૮૦૫ |
| ઘઉં લોકવન | ૪૨૫ | ૪૭૫ |
| ઘઉં ટુકડા | ૪૩૨ | ૪૮૦ |
| બાજરો | ૩૦૦ | ૫૦૦ |
| જુવાર | ૬૫૦ | ૧૧૮૦ |
| મકાઈ | ૩૫૦ | ૫૨૦ |
| મગ | ૧૪૫૦ | ૧૭૦૦ |
| અડદ | ૧૨૦૦ | ૧૪૫૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૧૮૦ |
| દેશી ચણા | ૧૦૫૦ | ૧૧૫૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૩૫૦ |
| એરંડી | ૧૦૦૦ | ૧૨૬૦ |
| મેથી | ૧૧૦૦ | ૧૨૫૦ |
| ધાણા | ૧૬૦૦ | ૨૦૦૦ |
| **જામનગર** | | |
| જુવાર | ૯૩૦ | ૯૯૫ |
| ઘઉં | ૩૫૦ | ૫૦૪ |
| મગ | ૧૩૫૦ | ૧૭૭૦ |

| | | |
|---|---|---|
| અડદ | ૧૧૮૦ | ૧૫૭૫ |
| તુવેર | ૭૯૦ | ૧૪૫૦ |
| ચોળી | ૮૫૦ | ૧૫૭૫ |
| મેથી | ૬૫૦ | ૧૩૦૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૨૧૦ |
| મગફળી જીણી | ૧૧૦૦ | ૧૬૦૦ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૫૦૦ |
| એરંડા | ૧૧૫૦ | ૧૨૪૬ |
| તલ | ૧૫૦૦ | ૨૩૬૦ |
| તલ કાળા | ૨૦૦૦ | ૩૦૦૦ |
| રાયડો | ૧૧૦૦ | ૧૩૮૬ |
| રાય | ૧૨૦૦ | ૧૬૪૫ |
| લસણ | ૮૦૦ | ૨૦૦૦ |
| કપાસ | ૭૦૦ | ૧૬૪૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૮૦૦ |
| અજમો | ૧૪૦૦ | ૩૩૫૫ |
| અજમાની ભુસી | ૫૦ | ૨૪૯૦ |
| ધાણા | ૧૮૧૦ | ૨૫૦૦ |
| ડુંગળી | ૬૫ | ૨૪૫ |
| વટાણા | ૨૫૦ | ૮૯૦ |
| કલોજી | ૫૦૦ | ૩૧૭૫ |
| **રાજુલા** | | |
| શીંગ | ૮૦૦ | ૧૪૭૬ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૩૦૦ |
| તલ કાળા | ૨૦૦૦ | ૩૨૦૦ |
| કપાસ | ૧૦૨૫ | ૧૮૦૦ |
| બાજરો | ૩૦૦ | ૪૭૦ |
| ઘઉં ટુકડા | ૩૦૦ | ૪૫૯ |
| જુવાર | ૪૦૦ | ૧૦૬૩ |
| મકાઈ | ૩૫૦ | ૩૫૦ |
| મગ | ૧૫૦૧ | ૧૬૧૨ |
| તુવેર | ૮૦૦ | ૧૩૨૫ |
| ચણા | ૫૦૦ | ૧૩૪૦ |
| એરંડી | ૧૦૦૧ | ૧૧૧૧ |
| ધાણા | ૨૨૦૦ | ૨૨૦૦ |
| મેથી | ૧૨૦૦ | ૧૨૦૦ |
| રાય | ૧૩૫૧ | ૧૩૫૧ |
| શીંગદાણા | ૧૬૩૧ | ૧૬૩૧ |

# ભારતના ભવિષ્ય ગણાતા કિશોરોના ભવિષ્ય સાથે ચેડા કોણ કરી રહ્યું છે?




## વિચાર વલોણું



જયવંત પંડ્યા

જૂની છાપાળવી ભાષામાં કહીએ તો, હજુ 'નીટ-યુજી'ના 'ગેસ પેપર' પ્રસારના સમાચારની શાહી સૂકાઈ નહોતી ત્યાં સીબીએસઈની ઉત્તરવહીઓનો વિવાદ આવી ગયો ! સીબીએસઈનું પૂરું નામ સેન્ટ્રલ બૉર્ડ ઑફ સેકન્ડરી ઍજ્યુકેશન. સરકારી અને ખાનગી શાળાઓ માટે રાષ્ટ્રીય સ્તરનું બૉર્ડ.

વિગતે સમજીએ તો, દરેક રાજ્યનું પોતાનું મંડળ (બૉર્ડ) તો હોય જ છે, પરંતુ જે વાલીઓને એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં થોડા-થોડા સમયાંતરે બદલીના કારણે જવાનું થાય તો દર વખતે નવેસરથી શાળા પ્રવેશ માટે વિધિ કરવી પડે. આ માટે સીબીએસઈ બૉર્ડની શાળા પસંદ કરે તો આ માથાકૂટ ચાલી જાય. કેન્દ્રીય સંસ્થાઓના કર્મચારીઓ, સૈનિકો, અર્ધસૈનિકોના સંતાનો માટે સીબીએસઈ સરળ પડે. સીબીએસઈનું માપદંડ, રાજ્યના બૉર્ડના માપદંડ કરતાં ઉચ્ચ મનાય છે, તેથી હવે, કેટલાક વાલીઓ બદલી ન થતી હોય અને એક જ રાજ્યમાં રહેવાનું થાય તો પણ પોતાના બાળકનો પ્રવેશ સીબીએસઈ માન્ય શાળામાં કરાવતા હોય છે.

પરંતુ હવે એ સીબીએસઈની પરીક્ષાનાં પરિણામોનો જ વિવાદ થઈ ગયો. વિવાદ કેવી રીતે થયો?

આ વર્ષે સીબીએસઈએ ઑન સ્ક્રીન માર્કિંગ (ઓએસએમ)ની નવી સિસ્ટમ દાખલ કરી. સિસ્ટમનું ડિજિટાઇઝેશન થાય તેમાં કોઈ વાંધો ન હોઈ શકે, પરંતુ તેનો અખતરો વિદ્યાર્થીઓનું ભવિષ્ય બગડે તેમ ન હોવો જોઈએ. પહેલાં તેનું વ્યવસ્થિત પરીક્ષણ થયેલું હોવું જોઈએ. અહીં શું થયું? વળી, આ અખતરો ધો. ૧૨ના વિદ્યાર્થીઓ સાથે જ થયો જેમને આગળ કૉલેજમાં ભણવા જવા માટે આ ધોરણના માર્ક કેટલા અગત્યના હોય છે તે બધા સમજી શકે છે.

ઓએસએમ હેઠળ ૯૮.૬૬ લાખ વિદ્યાર્થીઓની ઉત્તરવહીઓને ડિજિટલી સ્કેન કરવામાં આવી. તેને સૉફ્ટવેર હેઠળ અપલૉડ કરવામાં આવી. ભારતમાં કુલ ૭૦ હજાર પરીક્ષકો દ્વારા તેની ઑનલાઇન ચકાસણી કરીને ગુણ મૂકવામાં આવ્યા. પહેલી દૃષ્ટિએ લાગે કે વાહ, કેટલી સારી અને જડબેસલાક સિસ્ટમ. બધું ઝડપી-ઝડપી થઈ જાય, નહીં? ઝડપી તપાસાય જાય, ઑનલાઇન જ એ થાય, ગુણોનો સરવાળો થઈ જાય, પરિણામે માનવ ભૂલો થવાની શક્યતા ઓછી અને પારદર્શિતા પણ જળવાય.

પરંતુ લોચો ત્યાં જ થયો. બધું ઑનલાઇન તો થાય છે, પરંતુ ઘણી વાર આપણે જોઈએ છીએ કે ખાનગી વેબસાઇટો જેટલી ઝડપથી ખુલે છે તેટલી ઝડપથી સરકારી વેબસાઇટો ખુલતી નથી હોતી. વળી, વારે ઘડીએ કેપ્ચાની માથાકૂટ જેમાં ઘણી વાર અંગ્રેજી મૂળાક્ષર અને આંકડાઓને ડિઝાઇનની અંદર એવા છુપાવી દેવાયા હોય કે તે તરત ખબર ન પડે. વળી, ફૉટાની સાઇઝમાં પણ માથાકૂટ થાય. ઘણી વાર થોડી જ વારમાં સેશન ઍક્સ્પાયર થઈ જાય. અમુક દિવસોની અંદર ફરજિયાત પાસવર્ડ બદલાવડાવે. ઘણી વાર સબમિટ કરતા પહેલાં ભૂલ બતાવે તો ખરું, પરંતુ કઈ ભૂલ છે, ક્યાં ભૂલ છે તે તરફ સંકેત ન કરે એટલે ખબર ન પડે કે ક્યાં આપણી ભૂલ થઈ રહી છે. આનું કારણ સરકારી ધોરણે બનતી વેબસાઇટ. સસ્તામાં અને પોતાની ઓળખીતી સંસ્થા પાસે બનાવડાવવાની. એટલે પછી ભલી વાર બહુ ન હોય.

સીબીએસઈની ઉત્તરવહી ચકાસણી વેબસાઇટમાં એવું થયું કે ૧૩ મેએ પરિણામો જાહેર થયાં પછી સૉશિયલ મીડિયા પર અનેક વિદ્યાર્થીઓએ ફરિયાદ કરી કે તેમને તેમની અપેક્ષા કરતાં ઓછા ગુણો – ભૌતિકશાસ્ત્ર (ફિઝિક્સ), રસાયણ (કેમિસ્ટ્રી) અને ગણિતશાસ્ત્ર (મેથ્સ)માં મળ્યા છે. આવું થતું હોય છે. ઘણી વાર વિદ્યાર્થીઓ પોતાની રીતે માર્ક ધારી લે. દરેકને પોતે સાચા જ લાગે, પરંતુ દર વખતે તેવું હોય તે આવશ્યક નથી.

પરંતુ આ વખતે સારી બાબત એ થઈ કે સીબીએસઈએ એક સારો નિર્ણય કર્યો. સિસ્ટમમાં આવું થતું નથી હોતું. વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ તો કકળાટ કરે. પહેલેથી મહેનત બરાબર કરી હોત તો આવી ફરિયાદ કરવાનો વારો ન આવત, તેમ કહી સીબીએસઈ છટકી શકતું હતું, પરંતુ તેણે પુનર્વલોકન ફરિયાદ નિવારણ પદ્ધતિ (રિવાઇઝ્ડ ગ્રિવાન્સ મિકેનિઝમ) દાખલ કરી. એટલે વિદ્યાર્થીઓને પોતાની સ્કેન થયેલી ઉત્તરવહીમાં કેટલા માર્ક પરીક્ષક દ્વારા મૂકાયા છે તે જોવાની સુવિધા આપી. વિદ્યાર્થીઓ આ જોઈ લે અને પછી આવશ્યક લાગે તો પુનર્મૂલ્યાંકન માટે આવેદન (અરજી) કરી શકે.

પરંતુ અગાઉ કહ્યું તેમ, વેબસાઇટ સસ્તામાં અથવા બરાબર ખાતરી કરી ન બનાવાઈ હોય એટલે લોકોનો ધસારો થાય એટલે ક્રેશ થઈ જાય. ઉપર કહ્યું તેમ તમે ચુકવણી ન કરી શકો, સબમિટ કરવા જાવ ત્યાં આગળ વધે નહીં, એકથી વધુ વાર પૈસા કપાઈ જાય, આવું બધું થાય. સીબીએસઈના વિદ્યાર્થીઓને પણ આવો જ અનુભવ થયો. ફરી પાડ સીબીએસઈનો કે તેણે સ્વીકાર્યું કે કંઈક ટૅક્નિકલ ક્ષતિઓ છે તેથી આવું થઈ રહ્યું છે. તેણે પૈસા પાછા આપવાનું વચન આપ્યું. પણ અહીં વિદ્યાર્થીઓને સારી કૉલેજમાં પ્રવેશ મેળવવાનું સ્વપ્ન હોય એટલે તેઓ આ વેબસાઇટ સતત જોતા રહ્યા. રિફ્રેશ કરતા રહ્યા.

આ સમસ્યાનો ઉકેલ લાવવા ફરી એક વખત સીબીએસઈએ એક સારો નિર્ણય કર્યો. તેણે અંતિમ અવધિ એક વાર નહીં, પણ ત્રણ-ત્રણ વાર વધારી. શિક્ષણ પ્રધાન- ધર્મેન્દ્ર પ્રધાને નિષ્ણાતોની ટીમ બનાવીને ભારતની ટોચની ટૅક્નૉલૉજી કૉલેજોમાં મોકલી જેથી આ પ્રક્રિયામાં આવતી સમસ્યાઓ નિવારી શકાય.

આમ કરતાં-કરતાં ૨૬ મે આવી ગઈ. ૨૬ મે સુધીમાં પરીક્ષા આપનાર સત્તર લાખ વિદ્યાર્થીઓ પૈકી ચાર લાખ વિદ્યાર્થીઓએ સ્કેન કરાયેલી ઉત્તરવહી જોવા માટે આવેદન કર્યું. આ સંખ્યા આમ જુઓ તો બહુ મોટી નહોતી. ૨૪ ટકા જેવી હતી. પરંતુ સંખ્યા મોટી હોય કે નાની, એક પણ વિદ્યાર્થીને તકલીફ ન પડવી જોઈએ તેવો સિદ્ધાંત અમલી હોવો જોઈએ.

આમાં વિવાદ ત્યારે સર્જાયો જ્યારે ૨૩ મેએ વેદાંત શ્રીવાસ્તવે ધડાકો કર્યો કે તેના રોલ નંબર સામે મૂકાયેલી સ્કેન કરાયેલી ઉત્તરવહી તેની નથી !

આ બાબતે પણ સીબીએસઈએ સ્વીકાર્યું કે ભૂલ થઈ ગઈ અને તેણે સાચી ઉત્તરવહીની કૉપી શૅર કરી. વેદાંતે લખ્યું કે "મેં આખું વર્ષ અભ્યાસ કર્યો. મારી ઊંઘ છોડી, મગજની શાંતિ છોડી, બહાર ફરવા જવાનું ટાળ્યું, આ પરીક્ષા માટે જેટલો ત્યાગ થઈ શકતો હતો તેટલો કર્યો. અને હવે મને ખબર જ નથી કે મારી ભૌતિકશાસ્ત્રની ખરી ઉત્તરવહી તપાસાઈ હશે કે કેમ. શું વિદ્યાર્થીઓ સાથે આવું થવું જોઈએ?"

પરંતુ વિવાદનો મધપૂડો છંછેડાઈ ગયો હતો. અનેક વિદ્યાર્થીઓએ ફરિયાદ કરવા લાગી. સીબીએસઈએ પ્રમાણિક રીતે ભૂલ સ્વીકારી તેનાથી વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને બીજા પ્રશ્નો જેવા કે- પરીક્ષાનું પેપર બહુ કડક રીતે જોયું છે અથવા તો ખોટી તપાસ કરી છે તે થવાના બદલે એ થવા લાગ્યો કે અમારા દીકરા/દીકરીની ઉત્તરવહી તો સાચી છે ને? કે બદલાઈ ગઈ છે?

આવામાં એક બીજા વિદ્યાર્થીએ બીજો ધડાકો કર્યો. નિસર્ગ અધિકારીએ કહ્યું કે તેણે ફેબ્રુઆરીમાં આ વેબસાઇટ હૅક કરી હતી. તે પરીક્ષકોનાં ખાતાંમાં પહોંચવામાં સફળ થયો હતો. તે આ સિસ્ટમનો માસ્ટર પાસવર્ડ જાણવામાં સફળ થયો હતો. તેને વિદ્યાર્થીઓના રેકૉર્ડમાં પણ પ્રવેશ મળ્યો હતો. ઉપરાંત ઉત્તરવહીઓ સુધી પણ તે પહોંચી ગયો હતો. નિસર્ગ અધિકારી પોતાને 'નૈતિક હેકર' ગણાવે છે. એટલે કે કોઈ ખોટા આશય સાથે જે હૅક ન કરે તેને નૈતિક અથવા એથિકલ હૅકર કહે છે.

નિસર્ગ અધિકારીએ આક્ષેપ કર્યો કે 'આ રીતે તો કોઈ પણ હૅકર ઉત્તરવહીઓ બદલી શકે, માર્કમાં ફેરફાર કરી શકે, લોકોના ફૉન નંબર અને ઈવન, બૅંકની વિગતો પણ મેળવી શકે.'

સીબીએસઈએ કહ્યું કે એ તો ટેસ્ટિંગ (પરીક્ષણ માટેની) સાઇટ હતી. તેમાં મૂકાયેલી વિગતો સાચી નહોતી. પરંતુ આટલું બધું થઈ ચૂક્યું હોય ત્યારે સીબીએસઈની વાત કોના ગળે ઉતરે?

ચિંતાજનક વાત એ છે કે નિસર્ગને અઘરા પાસવર્ડની ખબર પડી ગઈ હોય. દા. ત. કોઈ પાસવર્ડમાં પોતાનો જન્મદિન-મહિનો-વર્ષ રાખે તો તે સહેલો પાસવર્ડ કહેવાય, પરંતુ કોઈ e*37jzuqdp26 એવો પાસવર્ડ રાખે તો કોઈ કલ્પના પણ ન કરી શકે. આમાં કોઈ પેટર્ન નથી. અંગ્રેજી મૂળાક્ષરમાં j પછી k આવે છે. જો દ્વ પછી l આવતો હોય તો પેટર્નની કલ્પના કરી શકાય છે. પરંતુ અહીં તો અઘરા પાસવર્ડ રાખવામાં આવ્યા તે પણ નિસર્ગે જાણી લીધા. હવે એક સારી બાબત એ થઈ કે ફૉનમાં કે ઈ-મેઈલમાં વન ટાઇમ પાસવર્ડ (ઓટીપી) આવે છે. આ ઑટીપી એક જ વાર લાગુ થઈ શકે, તે પણ તમારા ફૉન કે ઈ-મેઈલમાં આવ્યાની ગણતરીની પળોમાં જ.

નિસર્ગ ઓટીપીના ચક્રવ્યૂહને ભેદવામાં પણ સફળ થઈ ગયો ! નિસર્ગે એક ટીવી ચેનલને જણાવ્યા પ્રમાણે, માત્ર ૩૦ મિનિટમાં તે આ કામ કરી શક્યો હતો. જો માત્ર ૧૯ વર્ષનો છોકરડો જ આ રીતે હૅકિંગ કરી શકતો હોય તો બીજા મોટી વયના હૅકરો અને તેમાંય અત્યારે તો ભારત પર ચોતરફથી આક્રમણો થઈ રહ્યાં છે- પાકિસ્તાન, બાંગ્લાદેશ, ચીન, અમેરિકા તો તેના ચાર દેખીતા શત્રુ છે. ત્યાંની સરકારો હૅકરોને આ કામ સોંપી દે તો તેમના માટે કેટલું સરળ બને?

અને માત્ર સીબીએસઈ પરિણામોની જ વાત નથી, હવે અનેક સિસ્ટમ ઑનલાઇન થઈ ગઈ છે, ઑનલાઇન પેમેન્ટ, ડીબીટી, ફ્લાઇટ, રેલવે ટિકિટ, બસ ટિકિટ, પાસપૉર્ટ, આરટીઓમાં લાયસન્સપઅનેક બાબતો. આ બધાની વેબસાઇટની સુરક્ષા જડબેસલાક કરવી જોઈએ. અને આ તો સામાન્ય લોકોની વાત થઈ, પરંતુ માનો કે સાંસદો સાથે આવું થયું તો? સરકાર સાથે આવું થયું તો? ડીઆરડીઓ કે સેના સાથે આવું થયું તો દેશની સુરક્ષા પર કેટલો મોટો આઘાત થાય?

આનો છેડો હૈદરાબાદ સ્થિત કૉએમ્પ્ટ ઍજ્યુટૅક પ્રા. લિ. નામની કંપની તરફ નીકળ્યો. આ કંપનીએ સીબીએસઈના ઑનલાઇન માર્કિંગનું પ્લેટફૉર્મ પૂરું પાડ્યું હતું. એટલે કે આ સિસ્ટમ તેણે ગોઠવી હતી. આ કંપનીએ તેનું નામ બદલી નાખ્યું હતું. પરંતુ વિવાદ થયો એટલે લોકોએ તપાસ કરી તો તેનું જૂનું નામ ગ્લૉબરેના ટૅક્નૉલૉજી પ્રા. લિ. હતું અને ૨૦૧૯માં તેલંગાણામાં ઈન્ટમિડિએટ બૉર્ડના માર્ક અને મૂલ્યાંકન બાબતે ફરિયાદો થઈ ત્યારે તેની સામે આંગળી ચીંધાઈ હતી. તો સીબીએસઈનું કામ સોંપતી વખતે આ કેમ ધ્યાનમાં ન રખાયું?

ધો. ૧૨મા પછી જ્યારે ૯૮.૦૨ પર્સન્ટાઈલ આવ્યા હોય અને ૯૮.૦૩એ પ્રવેશ અટકી જતા હોય તેવી સ્થિતિ હોય ત્યારે વાલીઓ અને વિદ્યાર્થીઓને કેટલી ચિંતા હશે તે સમજી શકાય. સંખ્યા ભલે પા ભાગની હોય, એક જ વિદ્યાર્થીની કેમ ન હોય, પરંતુ ભારતનું ભવિષ્ય ગણાતા કિશોરોના ભવિષ્ય બાબતે આવી સમસ્યા સર્જાય તે યોગ્ય નથી. નીટ-યુજીના ગેસ પેપર પ્રસાર અંગેનો વિવાદ હજુ શમ્યો નથી ત્યાં આ બીજા વિવાદે મોદી સરકારના શિક્ષણ કામકાજ બાબતે પ્રશ્નો ઊભા કર્યા છે.

ગત જાન્યુઆરીમાં યુજીસીની દલિતો, આદિવાસીઓ, ઓબીસી, મહિલાઓ અને દિવ્યાંગને સમાન તક આપવા બાબતે સમિતિ બનાવવાની જાહેરાત ભલે, કૉંગ્રેસ નેતા દિગ્વિજયસિંહની અધ્યક્ષતાવાળી સંસદીય સમિતિએ કરી હોય, પરંતુ અજીત ભારતી સહિતના જમણેરીઓના નિશાન પર આવી ગયા હતા કારણકે ક્યાં સુધી પેલું રોદણું રોવાનું કે 'સરકાર ઉનકી હૈ, પર સિસ્ટમ હમારી હૈ'. બાર વર્ષ પછી સરકાર તમારી હોય તો સિસ્ટમ પણ તમારી જ હોવી જોઈએ ને. દિગ્વિજયસિંહ જેવા હાડોહાડ વિરોધીને સંસદીય સમિતિના અધ્યક્ષ કેમ બનાવાયા? બનાવાયા તો બનાવાયા, પણ એ સમિતિ આવા નિયમો લાદી દે તો સમિતિમાં રવિશંકર પ્રસાદ (જે અગાઉ કાયદા પ્રધાન રહી ચૂક્યા હોય અને પોતે અધિવક્તા પણ હોય), પ્રવક્તા સંબિત પાત્રા સર્વોચ્ચ ન્યાયાલયનાં અધિવક્તા અને સાંસદ બાંસુરી સ્વરાજ, સહિત ભાજપના સોળ સભ્યો શું ત્યાં માખી મારતા હતા?

એટલે એ વિવાદમાં ધર્મેન્દ્ર પ્રધાન ઘેરાયેલા હતા ત્યાં નીટનો વિવાદ આવ્યો અને હવે સીબીએસઈનો. અત્યારે ઘણી વાર કૉંગ્રેસ સરકારો પર જમણેરીઓ આક્ષેપ કરતા હોય છે કે કૉંગ્રેસ સરકારોમાં શિક્ષણ ખાતું (તેને માનવ સંસાધન ખાતું કેમ કહે છે તે સમજાતું નથી) ડાબેરી અને મુસ્લિમ પાસે જ રહ્યું. પરંતુ મોદી સરકારમાં પણ અખતરાઓ જ થયા. પહેલાં સ્મૃતિ ઈરાની રહ્યા. તેમના સમયે રોહિત વેમૂલાનો ખોટો વિવાદ ઊભો કરાયો. જેએનયૂનો પણ થયો. તેમને માત્ર બે જ વર્ષમાં બદલી પ્રકાશ જાવડેકરને બનાવવામાં આવ્યા. તેઓ લગભગ ત્રણ વર્ષ રહ્યા. તે પછી રમેશ પોખરિયાલ 'નિશંક'ને બે વર્ષ માટે બનાવવામાં આવ્યા. ૨૦૨૧થી ધર્મેન્દ્ર પ્રધાન જ છે. ૨૦૨૪માં નવી સરકાર આવ્યા પછી પણ તેઓ જ રહ્યા છે. તેમનો ૨૦૨૬ સુધીનો કાર્યકાળ બિનવિવાદિત રહ્યો છે, પરંતુ જાન્યુઆરીથી તેમની માઠી બેઠી છે.

જેટલી અગત્યની વિદેશ નીતિ અને નક્સલીઓ, ત્રાસવાદીઓ સામેની નીતિ છે, તેટલી જ અગત્યની બાબત ભારતના શિક્ષણની પણ છે. આ વાત મોદી સરકારે સમજવી પડશે. વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ સાથે પરીક્ષા પે ચર્ચાની સાથે વડા પ્રધાને શિક્ષણવિદો સાથે શિક્ષણ પે ચર્ચા પણ દર વર્ષે કરવી જોઈએ. ■


jaywant.pandya@gmail.com


# દો ઔર દો પાંચ કૈસે હોતે હૈ ?

## હાસ્યાય નમ:




ડો. પ્રકાશ દવે
૯૫૭૪૩૭૪૪૫૩


(૧)દો ઔર દો પાંચ કૈસે હોતે હૈ? - જીગર યાદવ ગુરુ (દાત્રાણા-પાટણ)
નેપોલિયનને ખબર. કારણ કે એ કહેતો હતો કે મારા શબ્દકોષમાં અશક્ય શબ્દ જ નથી.

(૨)કોઈ સેલ્સમેન કે સેલ્સવુમન સાચા ક્યારે સાબિત થઈ શકે?
રક્ષિત વોરા ક્ષિતિજ (ગાંધીનગર)
એ ખરેખર સાચા હોય ત્યારે.

(૩)દવા લેવા દવાખાને જવું પડે છે તો હવા લેવાં ક્યાં જવું જોઈએ?
યોગેશભાઈ આર. જોશી (હાલોલ,પંચમહાલ)
હવાખાને.

(૪) સાહેબ..! મંજીરા અને તબલાં ધુનમાં જ વગાડાય? - ધોરાજીયા ઘનશ્યામ એન.(સાજણટીંબા)
ના, એવું ન હોય. વરરાજો હા પાડે તો જાનમાં પણ વગાડાય.

(૫)નવરા લોકો માટે તમે કોઈ વેકેશન બેચ ચાલુ કરી છે?
ધોરાજીયા ચંદ્રકાંત એન. (સાજણટીંબા)
નવરા લોકો આ કોલમ વાંચતા કે પ્રશ્ન પૂછતા જ નથી.

(૬) પેટ્રોલ અને ડીઝલના બચાવ માટે તમારો અભિપ્રાય જણાવશો?
ધોરાજીયા કેવિન ઘનશ્યામ (સાજણટીંબા હાલ કેનેડા)
કારમાં પાંચ વ્યક્તિઓ નીકળો અને કારને વારાફરતી ધક્કા મારવાનું રાખો.

(૭)બે કવિઓ સામસામે મળે તો શું કરે?
પ્રકાશભાઈ જોશી (અમરેલી)
દુનિયા આખીના પ્રાસ ભેગા કરી ને એકબીજા પર છુટ્ટા પ્રહારો કરે!

(૮)નાનું બાળક આખા દિવસમાં ૪-૫ વાર કેમ સૂતું હશે?
મુસ્તુફા કનોજિયા (રાજુલા)
એવું નથી. હકીકતમાં નાનું બાળક આખા દિવસના ૪-૫ વાર જાગે છે!

(૯)અડધી રાતે કામ પડે તો ફોન કરજે- એવું કહે અને ફોનનો રીપ્લાય છેક સવારે આપે; એવા માણસને શું કહેવું? - કનુભાઈ પરમાર (દામનગર)
એણે અર્ધી રાતે ફોન કરવાનું કહ્યું છે, જવાબ આપીશ એવું ક્યાં કહ્યું છે?!

(૧૦)કોઈ પણ પ્રાણીને નથી કહેવું પડતું પણ માણસને કેમ કહેવું પડે છે કે તું માણસ થા?
હરિભાઈ ધોરાજિયા (લીલિયા મોટા)
એવું પણ બનવાજોગ છે કે એવા માણસો આવતા જન્મની પ્રેક્ટિસ કરતા હોય!

(૧૧)મને બેઠા બેઠા ઊંઘ આવી જાય છે તો શું કરવું? - દર્શન પટેલ (વડોદરા)
તમારે સૂતા સૂતા જાગવું.

(૧૨)હાસ્યલેખક બનવા ડિગ્રી લેવી પડે કે ટ્રેનિંગ? - રાજુ એન. જોષી (ધરાઈ બાલમુકુંદ)
આ બધું લેવા બેસશો તો હસવું અને લખવું બન્ને ભૂલી જશો.

(૧૩)મેરેજ સર્ટિ. કઢાવવા શું કરવું પડે? - રામભાઈ પટેલ (સુરત)
મેરેજ.

(૧૪) મંજીરા ટીનટીન વાગે, તબલા ધીનધીન વાગે તો ખંજરીમાં કેવો અવાજ આવે? - રમાબેન પટેલ (અમદાવાદ)
તળેલો પાપડ ખાતા હોઈએ એવો.

(૧૫)આપણે બધા ગાડીને બદલે ગાડું વાપરીએ તો ચાલેને ?
જયશ્રીબેન બી. મહેતા (કોટડાપીઠા)
પેટ્રોલ કરતા બળદો મોંઘા પડશે હો. ■

**નોંધ.. આપના હાસ્યરસિક પ્રશ્નો આપના અને ગામનાં નામ સાથે વોટ્સએપ નં. ૯૫૭૪૩૭૪૪૫૩ પર મોકલો..**

# સરહદ – રાજ્યની અને પ્રજાની....

## રાજકીય રસધાર



પ્રવીણ માધાણી

૨૯૪ની કુલ સંખ્યા ધરાવતા પશ્ચિમ બંગાળ વિધાનગૃહમાં દશ વર્ષ પહેલા જે પક્ષની માત્ર ૩ સીટ હતી આજે ૨૦૮ના પ્રચંડ જનાદેશ સાથે બંગાળમાં પોતાનું શાસન સ્થાપ્યું છે. આ ચૂંટણી મતદારયાદીની સઘન સુધારણા બાદ થઈ હતી અને એ સુધારણામાં લાખો બોગસ મતદારોના નામ કમી કરવામાં આવ્યા હતા. જેનો રાજકીય પક્ષોએ ખુબ વિરોધ કર્યો હતો અને સુપ્રીમ કોર્ટ સુધી વિવાદ ખેંચી જવામાં આવ્યો હતો, પણ એકલ દોકલ બાદ કરતા કોઈ મતદારનો બહોળો વર્ગ નામ કમી બદલ વાંધો નોંધાવવા આગળ આવ્યો નહોતો. ચોક્ખી મતદાર યાદી અને હિંદુ રાષ્ટ્રવાદ આધારે લડાયેલી આ ચૂંટણીના પરિણામોએ આખા દેશને ચોંકાવી દીધો છે. ભારતીય જનતા પક્ષનું બંગાળમાં ક્યારેય શાસન રહ્યું નથી. આજથી દશ વર્ષ પહેલા આવી કલ્પના પણ કરી શકાતી નહોતી. ઝડપભેર બદલાતી જતી બંગાળની ડેમોગ્રાફીએ બંગાળીઓને ચોંકાવી દીધા હતા. ઘુસણખોરી રાજકીય ઓથ હેઠળ એટલી પ્રબળ બની ગઈ હતી કે મૂળ બંગાળીઓ પોતાનો હક ખોઈ બેસે એવી સ્થિતિ આવી ગઈ હતી. પ્રજા પોતાનું ધૂંધળું ભવિષ્ય ભાળી ગઈ અને સત્તા પરિવર્તન આણ્યું. આ જનાદેશના ગર્ભીતાર્થો થોડા ઊંડા જઈને તપાસવા જેવા છે.

બંગાળ એક સરહદી રાજ્ય છે જેની સરહદ બાંગ્લાદેશ જેવા દેશને અડકીને આવેલી છે અને ભૌગોલિક દ્રષ્ટીએ ઘણા વિસ્તારમાં દુર્ગમ છે. વર્ષોથી બાંગ્લાદેશની સરહદથી ઘુસપેઠ થઈ રહી હતી એ આખો દેશ જાણતો હતો. પહેલા વામપંથીઓ અને ત્યારબાદ તૃણમુલ કોંગ્રેસ આં ઘુસપેઠની હમદર્દ બનીને સત્તા ટકાવી ગઈ હતી. ઘુસણખોરી એ પ્રમાણમાં હતી અને બંગાળની મમતા સરકારનું વલણ કઈક એવું હતું કે હિન્દુસ્તાનના બીજા ભાગોમાં ચર્ચાઈ રહ્યું હતું કે થોડા સમય બાદ બંગાળમાં પ્રવેશ કરવા માટે હિન્દુસ્તાનના અન્ય પ્રાંત કે રાજ્યના નાગરિકોને વિઝા લેવા પડશે. એક માહિતી મુજબ દેશના લગભગ નવ સરહદી રાજ્યો અને સરહદને અડકેલા તમામ ૩૦૦ જિલ્લાઓની ડેમોગ્રાફી બદલાઈ ચુકી છે. હિમાચલ પ્રદેશ અને ઉતરાખંડ જેવા રાજ્યોમાં દૂરદરાજ પહાડી વિસ્તારોમાં ધાર્મિક દબાણો ખડકાઈ રહ્યા છે. જનસંખ્યામાં ખુબ ઝડપથી વધારો, ઘુસપેઠ, ધર્માંતરણ, લવ જેહાદ, લેન્ડ જેહાદ, ડ્રગ જેહાદ જેવા આયોજિત પરિબળો અને ષડ્યંત્રો દ્વારા સરહદી વિસ્તારને ખુબ ઝડપથી કબજે કરવાના પ્રયત્નો થઈ રહ્યા છે. ચંદ રૂપિયાસિક્કા માટે ખોટા દસ્તાવેજી અને ઓળખ પુરાવાઓ ઉભા કરી આપતા દેશની અંદરના ગદ્દાર કર્મચારીઓ અને ચંદ વોટ માટે ઘુસણખોરોને કાયદેસર દેશના નાગરિક બનાવી આપતા પદાધિકારીઓ આ માટે મુખ્ય જવાબદાર છે. દેશના ગૃહમંત્રીએ આ સમસ્યાને ભારતની પ્રવર્તમાન સમસ્યાઓ માંહેની સૌથી ગંભીર ગણીને કાર્યવાહીનો સંદેશ આપ્યો છે. ગૃહમંત્રીના મિજાજ મુજબ આ મુદ્દો આર્ટીકલ ૩૭૦, ત્રિપલ તલાક, રામમંદિર, નકસલવાદ નિર્મુલન, CAA ના મોડ પર લેવામાં આવશે એવું લાગી રહ્યું છે. પણ આ મુદ્દો આગળના મુદ્દાઓ જેટલો સરળ નથી, થોડો જટિલ છે. લાંબો સમય માંગી લે એમ છે. કોઈ કાયદો સ્થાપિત કરવાની કે દૂર કરવાની પ્રક્રિયા માત્ર નથી. એટલે શરૂઆત અટકાવથી કરવી પડશે. રોગને વધવા ન દેવાથી પીડાનું સ્તર સ્થિર થઈ જાય છે, ત્યારબાદ ધીમેધીમે દવાથી લઈને શસ્ત્રક્રિયા જેવા ઉપચાર ચાલુ કરી શકાય છે. પહેલું ચરણ બોર્ડર સિક્યોરીટી ફોર્સનું કાર્યક્ષેત્ર સરહદથી ૧૫ કિમી અંદરના બદલે ૫૦ કિમી અંદર કરી દેવામાં આવ્યું છે, જેથી સરહદ પર જે ગેરકાયદે વસવાટો ખડકાઈ જાય છે એ અટકી જાય, સરહદ પારથી ઘુસાડવામાં આવતા ડ્રગનું કાર્ટેલ બ્રેક થઈ જાય, સરહદ પર સ્માર્ટ બોર્ડર પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે, જેમાં ડ્રોન, રડાર, કેમેરા અને એઆઈની મદદથી એક અભેદ બોર્ડર ઉભી કરવાનો મનસૂબો સરકાર સેવી રહી છે. ઈઝરાયેલ મિસ્ર, ઈઝરાયેલ જોર્ડન, અમેરિકા મેક્સિકો, હંગેરી સર્બિયા, સાઉદીઅરબ યમન અને સાઉદીઅરબ ઈરાક, તુર્કી યુરોપ જેવી બોર્ડર આજના યુગની હકીકત અને જરૂરીયાત છે. આ બધા દેશોએ મોર્ડન ટેકનોલોજી સાથેની બોર્ડર ઉભી કરીને ઘુસણખોરી અને ડ્રગ કાર્ટેલ જેવી સમસ્યાઓથી મહદઅંશે છુટકારો મેળવ્યો છે.

વિશ્વના દેશોમાં રહેલી આર્થિક, ભૌગોલિક, વ્યવસ્થા અને સમાજજીવનની મોટી અસમાનતાઓને લઈને ઉપરના પરિમાણોમાં ખરાબ સ્થિતિમાં રહેલા દેશના નાગરિકો વૈધ અવૈધ તરીકાઓ અખત્યાર કરીને પોતાના દેશ કરતા બહેતર દેશમાં ઘુસી જવાનો પ્રયત્ન કરે છે. જેમ વિશ્વના ઘણા દેશોના નાગરિકોમાં અમેરિકા જેવા દેશમાં સ્થાયી થવાનું આકર્ષણ રહેલું છે, ગુજરાતીઓનો અમેરિકા પ્રત્યેનો મોહ જગજાહેર છે. તેમ બાંગ્લાદેશના નાગરિકોને ભારતનું આકર્ષણ હોય એમાં નવાઈ નથી. સવાલ એ દેશમાં જઈને એ દેશ સાથે તમારૂ યોગદાન અને અન્ય આયામો પર સહ્ભાગીદારીતાનો છે. ગુજરાતીઓ આજે અમેરિકાના આર્થિક વિકાસમાં સિંહફાળો આપી રહ્યા છે, રાજકીય અને બ્યુરોકેટીક ક્ષેત્રમાં આગળ પડતા સ્થાન લઈને અમેરિકાના સર્વાંગી વિકાસમાં યોગદાન આપી રહ્યા છે. બાંગ્લાદેશી ઘુસણખોરો ભારતની આર્થિક સામાજિક અને રાજકીય ત્રણેય જમીન ખોદી રહ્યા છે. સરહદ પારની બધી બદીઓ ભારતમાં ઘુસી રહી છે. ખોટા પુરાવાઓ ઉભા કરીને રાશન લઈ જાય એ એટલો ગંભીર વિષય નથી, જેટલો ગંભીર વિષય એ ખોટા આધાર પુરાવાઓ સાથે વોટ કરી જાય છે, ખોટો પ્રતિનિધિ ચૂંટી જાય છે.

આજે અમેરિકા જેવો પ્રચૂર સંપન્ન દેશ પણ જો ગેરકાયદે ઘુસણખોરીથી ત્રસ્ત હોય અને ગેરકાયદે ઘુસણખોરોને બહાર ખદેડવા માટે કડક કાયદાઓ અને ઝુંબેશના શરણે હોય તો ભારતની વસ્તી તો ઓલરેડી એકસો ચાલીસ કરોડ જેવી છે. કુદરતી અને માનવસર્જિત સંશાધનો પર પહેલેથી જ ખુબ મોટું ભારણ રહેલું છે. એમાં વધારાના ઘુસણખોરોનું ભારણ ન આવે અને આવી ગયું હોય તો દૂર કરવાના સરકારના પગલાની દેશની જનતાએ સરાહના કરવી જોઈએ. આખરે આ દૂર થવાથી દેશની જનતાને જ કઈક મળવાનું છે. જે વસ્તુ, સહાય, યોજના, મદદ, સંશાધન એકસો પિસ્તાળીસ કરોડ વચ્ચે વહેચાઈ રહ્યું છે એ એકસો પાંત્રીસ કરોડ વચ્ચે વહેંચાશે તો ગુણાકાર ભાગાકારના સામાન્ય નિયમો પ્રમાણે પણ માથાદીઠ વધુ આવશે અને દેશની અંદર જે અશાંતિ અને બખેડાઓ ઉભા થાય છે તેમાં સ્વાભાવિક ઘટાડો આવશે.

ક્વિક નોટ – "....બંને પ્રજા અલગ છે, બંનેના ધર્મગ્રંથો, નાયકો, ગર્વકથાઓ, નાયકો જુદા છે. એકનો નાયક બીજાનો ખલનાયક છે, એકનો વિજય બીજાનો પરાજય છે. એક રાજ્ય વચ્ચે આ બંનેને જોડી દેવા ગલત છે..." – મહમદ અલી ઝીણા. ■


production@infiniumpharmachem.com

# રૂપા એ ચોરી છુપીથી પાછું ફરીને જોઈ લીધું




રૂપા એ ચોરી છુપીથી પાછું ફરીને જોઈ લીધું.આનંદ ત્યાં જ પગથિયાં ચડીને ઉપરના ઓટલે પીઠ વાળીને બેઠો હતો.એના હૈયામાં ઊર્મિની એક ભરતી ચડી. શરીરમાં પ્રેમનું એક તાણ આવ્યું.જેવું તાણ ગંગાના પ્રવાહમાં હતું.

રૂપા નહાતા નહાતા અત્યારે પોતેજ પોતાના મનને પૂછી બેઠી: આનંદ ક્યાં ભૂલાયો હતો? ક્યારે ભૂલાયો જ હતો ?! !હરઘડી, હરપલ યાદ આવતો હતો. એકેય દિવસ એવો ઊગ્યો નહોતો કે એ દિવસમાં એકેય વાર એ યાદ ન આવ્યો હોય! એમાંય જયારે માથે દુ:ખ પડ્યા, વેળા વેળાની તડકી પડતી હતી ત્યારે તો એ બહુ યાદ આવતો હતો કારણ કે એણે એની હથેળિયુંના છાંયો કરીને પોતાને સાચવી જાણી હતી. એ જણને કેમ ભૂલાય?

- ભૂલાય? તેણે પોતાની જાતને જ પૂછ્યું અને પેલી બંનેની નજર ચૂકવીને પાછળ જોઈ લીધું. એ આ તરફ જ જોતો હતો.એ નજરોને મન :ચક્ષુ એ જોઈ લીધી અને એક મીઠો ખળભળાટ તેના તનમન માં ફરી વળ્યો..

......... સામે ગંગાનદીનો પટ હતો. હરકી પૌડી ઘાટ ઉપર બંધાયેલાં ગંગા માતાના મંદિરના પગથાર ઉપર એક ખાલી જગ્યામાં આછા ભીના અને આછાં કોરાં થઈ રહેલા કપડાં ખોસતો આનંદ એક ખાલી જગ્યા ઉપર બેઠો બેઠો ગંગાનદીના પ્રવાહને અનિમેષ નજરે તાકી રહ્યો હતો! ગંગા નદીનો ખળખળ પ્રવાહ માતાની મમતા જેમ વહી રહ્યો હતો. તેણે હવે આગળ પાછળ ,આજુબાજુ જોયું. પણ રૂપા ક્યાંક ઓઝલ થઈ ગઈ.ક્યાંક અલોપ થઈ ગઈ જાણે! એ નજર આગળથી જ આંખના બે પલકારા વચ્ચે સ્ત્રી પુરુષોની ભીડમાં ક્યાં ઓગળી ગઈ એજ ખ્યાલ સુધ્ધાં ના રહ્યો. તેને થયું કે ક્યારેક તો નહાઈને બહાર નીકળશે ને? ત્યારે તેને ઝડપી લઈશ.. પણ એ ગઈ ક્યાં??

કંઈ કેટલાયે દર્શનાર્થીઓ ગંગામૈયામાં ડૂબકી દઈને સંતૃપ્ત થઈ રહ્યા હતા. પોતે પણ છેલ્લા અઠવાડિયાથી અહીં છે પણ વિક્ષુબ્ધ મન ધીરેધીરે શાંત થતું જાય છે. આનંદની ભરતી આપમેળે જ ઉઠે છે. અને સૂના હૈયાને ભાવને ભીંજવતી રહે છે.!



લઘુનવલકથા
યોગેશ પંડયા

★★

આનંદ કોઈ વિચારામાં ગરકાવ થઈ ગયો હતો અને અચાનક જ પીઠ પાછળ કોઈ આવીને ઊભું રહી ગયુ છે એનો ભાસ થતાં જ તે ચમક્યો.

પીઠ ફરીને જોયું તો રૂપા! ફરી એકવાર ચાર આંખોમાં અષાઢી ચોમાસાનાં એકસામટા ચારચાર મેઘધનુષ્ય તણાયા. પળ બે પળ... ત્રણ પળ...!!

એ ઊભી જ હતી. કે, આનંદ દૂર હટયો. બેસવા માટે જગ્યા આપી.પણ રૂપા ડર અને આશંકાથી ચારે બાજુ જોતી હતી. રખે ને ક્યાંક થી પેલી બંને...

'રૂપા..'એક ઊંડેથી સાદ આવ્યો અને પોતે ખળભળી ઊઠી. કેટલા વરસો પછી આ અવાજ સાંભળી રહી છું?! તેની આંખો બંધ થઈ ગઈ અને મનપંખી તો ક્યાંનું ક્યાંય પહોંચી ગયું.

'રૂપા.. રૂપા..રૂપા..ક્યાં ખોવાઈ ગઈ?'આનંદે હાથ લંબાવીને તેનો હાથ પકડ્યો અને એક વીજળી જાણે આખા શરીરમાં દોડી ગઈ. તેણે ઝાટકો મારીને હાથ છોડાવી લીધો.

'રૂપા...કેમ? શું થયું?' આનંદની તરસી આંખો તેની સામે મંડાઈ.

'માંડ માંડ..અવાયું છે, કેમ અવાયું છે? એ મારૂ મન જાણે છે. માંડ માંડ આવી છું.'' એણે મંદ સ્વરે કહ્યું: ''જ્યાં જઈએ ત્યાં સાંકળો સાથે જ રહી...'

આનંદ તેની સામે તાકી રહ્યો પછી બોલ્યો: આમ ઘણું સમજયો, આમ કશું જ નહીં..!

'નહીં સમજાય તમને..ક્યારેય નહીં સમજાય.કારણ કે તમે સ્ત્રી નથી ને? એટલે નહીં સમજાય.બાકી તો માનવીના મન, અષાઢનાં મેઘરવા અને પેટના ગાભ. સમજવા બહુ અઘરા.છે!!'

'કોણ હતી એ બન્ને સ્ત્રી?'

'અમારા આશ્રમની બહેનો....અને.' રૂપાની ભયાક્રાંત આંખો આમતેમ ચકળવકળ ફરી રહી,'...અને..અને ..મને તેમની જ બીક છે.નહી ને ક્યાંક ..આ આશ્રમવાળીઓનો કોઈ ભરોસો નહીં..'

'આશ્રમ???? તું શું કહે છે? હું કાંઈ સમજી શકતો નથી.કયો આશ્રમ? ક્યાં આવ્યો આશ્રમ?? 'આનંદના કપાળ ઉપર એકસામટી કેટલીયે કરચલી પડી ગઈ.

'હા, આશ્રમ...'' ઊંડો શ્વાસ લઈ પછી ફળફળતો નિઃશ્વાસ નાખી ને નીચી નજરે કહ્યું : ''આઠ વરસ થઈ ગયા હવે તો! હવે તો એજ અમારૂ ઘર અને એજ અમારૂ પિયર...' એ આટલું તો માંડ બોલી શકી : ''વખત વિપદા પાડે ત્યારે બધા જ છાંયા ઉઝડી જાય છે! અને માળા બાંધ્યા'તા, એ માળા તો પાપીયા કાગડાઓએ સંપીને વીંખી નાખ્યા. આશરો શોધવા ગયા ત્યાં ભીંત ' ને કરા પડ્યા. અને પછી જેમની આંખોમાં વિશ્વાસ ના ઘર જોયા ને એની ઓથે ઊભા રહ્યા એ તો સાપોલીયાના રાફડા હતા..! એ ક્યાં ખબર હતી? ભોળા હતા તો ભોળિયાનાથે સાચવીને અખંડ રાખ્યા. નહીંતર તો પીંખાઈ ગયા હોત..આનંદ!!'

આજે વરસો પછી પોતાના પ્રિયજનના હોઠમાંથી એક સરી પડેલું વહાલું નામ!! આનંદને કાળજે ટાઢોબોળ શેરડો પડ્યો.

'રૂપા...' આનંદ નું મોઢું એટલું બોલતા માં તો જાણે ભરાઈ ગયું. વાણી હવે એટલું જ બોલી શકતી હતી! તેને મન તો 'રૂપા'નામમાં પોતાનું આખું વિશ્વ,પોતાની દુનિયા,પોતાની ખુશી અને પોતાનું સુખ સમાઈને છલકાઈ જતું હતું!

રૂપાએ ઉતાવળા જીવે,બહાવરી આંખોએ અને ઊભડક હૈયે કહેવા માંડ્યું:×. આનંદ, તમને તો બીજી ખબરેય કોણ આપે? પણ મારું જીવતર તો કહાણી જેવું થઈને રહી ગયું. બસ, જેમની હારોહાર બેઘડી હાલ્યા'તા,. ઈ પગલાંની છાપું છાતીની અંદર ચોડીને આયખું કાપી રહી છું.''

'આ તું શું બોલે છે રૂપા..??' આનંદ અકળાઈ જતા બોલ્યો : ''ખૂબ પીડા અનુભવુ છું તારા શબ્દોમાં. કંઈક સમજાય એવું બોલ.''

''વેળા નથી. હમણાં જ... એ આસપાસ જોતા બોલી ઉઠી: હમણાં જ...પગેરું સૂંઘતી સૂંઘતી પેલી બન્ને આવે તો પછી-'' એ ગભરાઈ રહી હતી.

-''રૂપા....'' આનંદે અચાનક તેનો હાથ હાથમાં લીધો. એની ઉપર બીજા હાથની હથેળી ઢાંકી. અને રૂપાની આંખોમાં તાકીને બોલ્યો : 'રૂપા, શું સમજવું અને શું બોલવું? કશું જ સમજાતું નથી. આપણે આટલા વરસે મળ્યાં તો આ રીતે મળ્યા!! તું કોઈ એવી મુંઝવણ કે બંધનમાં ફસાઈ- બંધાઈને જીવી રહી છો..? શું છે આ બધું ? પામી શકતો નથી. અઠવાડિયાથી અહીં આવ્યો છું. દીકરી મસૂરી બાજુ ગઈ છે ફરવા સવારની.! હું એકલો છું આજે. સામેની ગલીમાં ગુજરાતી સમાજની ધર્મશાળામાં ઉતર્યો છું. એક ચોઘડિયું મળવા માટેનું ગમે એમ કરીને ચોરી લે. પછી કદાચ મળીએ... ન મળીએ... હું રાહ જોઈશ. યાદ રહેશેને રૂપી? : કચ્છી સમાજ ધર્મશાળા, ત્રીજે માળે રૂમ નંબર બસ્સો ત્રીસ.'

'હું...હું...'.. હકારમાં માથું ધૂણાવતી. એ એટલું જ બોલી શકી, એ પહેલા પેલી બન્ને સ્ત્રી આવી જ ગઈ. પણ એ પહેલા રૂપી, આનંદને છોડીને ભાગી છૂટી.

પેલી બન્ને સ્ત્રી આનંદની સામે આવીને ઊભી રહી ગઈ. અને પછી ધારદાર નજરે આનંદ પ્રતિ તાકી રહી. પછી કહે : 'તમે હજી અહીંયાં જ બેઠા છો?'

'તો?' આનંદે ગુસ્સે થઈને પ્રતિ સવાલ કર્યો : 'તો ક્યાં બેસુ? અહીં ન બેસાય વળી?'

'ના..ના...અમને એમકે તમે અમારી ગોઠણ(બહેનપણી)ની રાહ જોતા હશો..'

'તમારી બહેનપણી' ને ગોઠણની તમને ખબર! હું તો અહીં દર્શન કરવા આવ્યો હતો અને બેઠો છું.'

''માફ કરજો, અમને એમ હતું કે એણે તમને અહીંયા બેઠા હો અને જોઈ લીધા હોય..''

''નારે ના... મને તો ખબરેય નથી તમારી ગોઠણની તમને ખબર..''

- રૂમે પાછો ફર્યો ત્યાં લગી મન ઉપર સતત રૂપા જ હમચી ખૂંદતી હતી.

- કેવા સંજોગોમાં અને કઈ પરિસ્થિતિમાં?

આટલા વર્ષે?

અને એ પણ આવા સ્વરૂપે?

સાવ સફેદ સાડલામાં તેની ચૂંક - ચાંદલા વગરનો ચહેરો સાવ નિમાણો અને નિષ્પ્રાણ લાગતો હતો. સાથે રહેલી પેલી બન્ને સ્ત્રીઓએ પણ સફેદ સાડલો જ ઓઢ્યો હતો. જાણે દુ:ખ-દર્દના અમર પિયાલા પી રહી હોય એવા કારમા દુ:ખની કાલિમા તેના ચહેરા ઉપર પથરાયેલી હતી. !!

એકવખત એની એ જ ત્વચા હતી કે જયાં ખાલી આંગળી મૂકી ને સ્હેજ દબાવી હોય તો આખો દિવસ એટલા ભાગમાં પડી ગયેલી લાલાશ કે ધબ્બો કલાકો સુધી વીંખાતો નહીં અને એને

બદલે એજ ચામડી લુખ્ખી સૂક્કી, નિર્જીવ અને જાણે ચેતન વગરની થઈ ગઈ હતી?

આનંદ વિચારમાં પડી ગયો. એ ઊભો થયો. આસપાસ જોયું. કદાચ રૂપી સંતાઈ રહી હોય. કદાચ તેને મને મળવું હોય અને અહીં આવવા ઈચ્છતી હોય પણ પેલી બન્ને સ્ત્રીઓની બીકને લીધે આવી ન શકી હોય, પણ હોય આટલામાં જ ક્યાંક વળી?? એ ફરી પાછો બેઠો પણ અડધી કલાક જેટલો સમય પસાર થઈ ગયો. પછી એને નક્કી થઈ ગયું કે હવે નહીં આવે! આવવાની હોય તો એ પેલી સ્ત્રીઓ ગઈ કે તરત જ મને મળવા દોડી આવી હોય... પણ એ ગઈ ક્યાં એટલી જ પળોમાં? વીજળીક ગતિએ દોડી ગઈ કે પેલી સ્ત્રીઓનેય હાથ ન આવી. બહુ અજાયબ લાગી રહ્યું હતું બધું!! (ક્રમશઃ) ■

# આવા આડા સંબંધોને સદંતર ભૂલી જવામાં જ સાચી મજા છે




'મને તો એમ થાય છે કે, રાતના ભાભી પાસે સુતા સુતા પણ તૂં તો જ્યોતિ... જ્યોતિ એમ મનમાં મનમાં લવારા કરતો હોઈશ, સાચું ને...? '' રણમલે પૂછ્યું.

''સાવ સાચું તેં કહ્યું. ખરે જ પથારીમાં પડતાંની સાથે મને જ્યોતિની યાદ અચૂક આવે જ. મારાથી જ્યોતિ ભુલાતી જ નથી, હું શું કરું...?'' દામાએ સાવ સાચું કહ્યું.

''હવે આ બધું, આવા આડા સંબંધોને સદંતર ભૂલી જવામાં જ સાચી મજા છે..., દોસ્ત ! ભૂતની જેમ કોઈ ચૂડેલને આખી જિંદગી વળગી રહેવું સારું નહીં, આ પાપ ગણાય... સમજ્યો ? અને લગ્ન થઈ ગયાં પછી તો આવું બધું સારું પણ ન લાગે... રણમલે ઉપદેશની ભાષા વાપરી અંગત મિત્રને કહ્યું.

''અરે...! તું ઊઠીને મને આવું કહે છે...? મારા પવિત્ર પ્રેમને તું ચૂડેલ કહે છે...? જો રણમલ, હું બધું એ સમજું છું, પરંતુ જ્યોતિને ભૂલી જવી એ મારા માટે સાચે જ અશક્ય છે. તને પણ ખબર હશે જ, શાસ્ત્રોમાં પણ લખ્યું છે કે, પ્રથમવાર થયેલા પ્રેમને કોઈપણ વ્યક્તિ મૃત્યુ સુધી ભૂલી શકતું નથી. કારણ કે દિલમાંથી પ્રકટેલો પ્રેમ અમર જ હોય છે ને પવિત્ર પણ...'' દામાએ દલીલ કરતાં કહ્યું.

''આને તું પ્રેમ કહે છે ? આ તારો અમરપ્રેમ કેવો ? પહેલાં તો એ જો... તારી પ્રેયસી તો પરણેલી હતી. હા... તારી જ્યોતિ પરિણીત હતી. એ થોડી કોઈ કુંવારી કે નાદાન છોકરી હતી...? કુંવારી હોય તો હજી પણ સમજી શકાય, પરંતુ તેણે તો કપટ કરી તને મોહમાં ફસાવ્યો. પ્રેમનું નાટક ભજવીને તેણે તને ચારે તરફથી ઘેરી-બાંધી લીધો. ને તું ભોળો ને નાદાન એટલે આવી પરણેલી સ્ત્રીને હૃદયથી સાચૂકલો પ્રેમ કરવા લાગ્યો. શું... એ તને પ્રેમ કરતી હતી ? જો જ્યોતિ તને સાચો પ્રેમ કરતી હોત તો અત્યારે અહીં તારી પાસે હોય. ત્યાં આગળ વિસાવદરમાં ન હોય, સમજ્યો ?'' રણમલ ઊંચા અવાજે બોલ્યો.



ધારાવાહી નવલકથા
અમૃત પરમાર

''એ તો જ્યોતિની મજબૂરી હતી. આ ઉપરાંત તેની સાથે જોડાયેલી બીજી એક જિંદગીને બચાવવા માટે તેને આવું બધું કરવું પડ્યું. બાકી તે તો મને દિલથી પ્રેમ કરતી હતી અને આજે પણ તે જ્યાં હશે ત્યાં મને પ્રેમ કરતી જ હશે, કારણ કે અમારો પ્રેમ ખરેખર હૃદયનો પ્રેમ, આત્માનો પ્રેમ છે...!'' દામા બોલ્યો.

''એવે જા જા..., પ્રેમ પ્રેમ પ્રેમ બસ એવો બકવાસ શું કરે છે ? તને ખબર છે...? સાચા પ્રેમમાં તો બંને મરે ત્યાં સુધી એકબીજાનો સાથ નિભાવે, સાથે સાથે રહે ને સાથે સાથે મરે... એને સાચો પ્રેમ કહેવાય...! પરંતુ એ જ્યોતિને તો તારી પાસેથી જે જોઈતું હતું, જે મેળવવું હતું તે બધું પ્રેમના નામે કપટ કરી મેળવી લીધું. તેના પેટમાં નાનું છોકરું આવ્યું એટલે તારી સાથેની પ્રેમની રમત રમવી તેણે બંધ કરી દીધી, આવું થોડું ચાલે...?'' રણમલ થોડા ગુસ્સા સાથે બોલ્યો.

''એ મારી સાથે પ્રેમની રમત ક્યારેય નથી રમી, ખુલ્લા દિલે તેણે મારી સાથે બધી જ હકીકત કહી છે... સમજ્યો ? મારી જ્યોતિ તો દિલની સાવ ચોખ્ખી છે, નિખાલસની સાથે અતિ ઋજુ છે.'' છેવટે દામાએ આટલું બોલ્યું. પરંતુ ત્યાં તો રણમલ ખીજમાં બોલવા લાગ્યો :

'ધ્હું તારી આવી એકેય વાત માનતો નથી. કોઈપણ પરણેલી સ્ત્રી તેના પતિની હયાતીમાં બીજા કોઈ અપરિણિત છોકરા કે પારકા પુરુષ સાથે સામે ચાલીને તેની પથારી ગરમ ન કરે, સહશયન ન કરે. તો જ્યોતિએ તો તારી સાથે, તારા શરીર સાથે આવા હલકાં કામ કર્યાં છે. મને તો લાગે છે કે એટલે જ તો આજે તેની હાલત ખૂબ ખરાબ છે. તને ખબર છે ? કરેલાં કર્મો તો અહીં જ ભોગવવા પડે છે. બધું જ આ જન્મમાં ભોગવવું પડે છે. હા, તારી જિંદગી ચૂંથી નાખી સાવ ધમરોળ કરી દીધી હોય તો એ વ્યક્તિ માત્ર ને માત્ર જ્યોતિ છે. આ જ્યોતિએ જ તને ડાપુરૂષ બનાવી દીધો છે. માત્ર એના લીધે જ તું શાંતુ ભાભીને જોઈએ તેવો સંતોષ અને બહુમાન આપતો નથી, શાંતુ ભાભીનો આમાં એક ટકા પણ વાંક કે ગૂનો મને તો દેખાતો જ નહીં. જે છે તે તું જ માત્ર જવાબદાર વ્યક્તિ છે. ત્યારે... તું તો હજી પણ જ્યોતિ... જ્યોતિ... જ્યોતિના જાપ કર્યા કરે છે.'' ઘણું બોલીને રણમલ અટક્યો એટલે આવા શબ્દો સહન ન થતાં દામાએ કહ્યું :

''રણમલ... તું મારો મિત્ર છે એટલે તને પ્રેમથી કહું છું કે તું આમ જ્યોતિ વિશે હવે આવું આડું-અવળું બોલવાનું રહેવા દે... પ્લીઝ ! મારા પ્રથમ પ્રેમ વિશે તારા આવા શબ્દો મને કાંટાની જેમ ખૂંચે છે. હું હવે વધારે સહન નહીં કરી શકું. મારી જ્યોતિ તું ધારે છે એવી તો નથી જ નથી, દોસ્ત...!''

(ક્રમશઃ) ■

# મારો વર સું કમાય સે ઈ મુંને કંઈ ખબર નંઈ....!



સ્ત્રીઓ પરિવારના વ્યવસ્થાતંત્રનો એક બહુ જ મહત્વનો ભાગ છે. ભારતીય સમાજ આજે પણ પુરુષપ્રધાન સમાજ ગણાય છે અને એવું દેખાય છે પરંતુ પરિવારના અર્થતંત્રના ઘણા સૂત્રો તો કુટુંબની મહિલાઓના નિર્ણયો અને વર્તનથી પ્રભાવિત હોય છે. સ્ત્રીઓના હાથમાં જે નાણાં સોંપવામાં આવે છે અથવા તો પરિવારને ટેકો કરવા તેઓ નોકરી કરીને સ્વયં જે કમાણી કરે છે તે સ્વહસ્તકના નાણાંના ઉપયોગમાં બહુ સંયમ અને સાવધાની દાખવે છે. ટેલિવિઝન ચેનલોમાં મહિલાઓને શોપિંગ મેનિયા હોય અને બહુ વધારે પડતા ઠાઠમાઠની ટેવ હોય એવું બતાવવામાં આવે છે જ્યારે કે વાસ્તવિકતા એ છે કે પરિવારમાં કરકસરના સંસ્કારોની આધારશીલા જ સ્ત્રી છે. સ્ત્રીઓ પોતાના મોજશોખ માટે મહદ્ અંશે અવ્યક્ત રહે છે. લગ્ન પછી તો દરેક યુવતી પોતાના શોખને કે ભાવતા ભોજનને સાસરિયાઓની પસંદગીઓમાં કન્વર્ટ કરી લે છે. તે પિતાના પરિવારથી જ્યારે પોતાના પરિવારમાં આવે છે ત્યારે તે ન દેખાય એવી પોતાની અનેક પસંદગીઓને પિતાના ઘરે જ જાણે કે મૂકીને આવે છે. એક નવા જ અવતારને તે ધારણ કરે છે. દરેક સ્ત્રીનું લગ્નોત્તર જીવન એક નવા જ પંથનો પ્રવાસ હોય છે.

નવી વહુને શું ગમે ને શું નહિ એ જલ્દી તો કોઈને ખબર પડતી નથી. એ જ એનો પોતાના પરિવારમાં સહુ સાથે અનુકૂલન સાધવાનો રાજમાર્ગ છે. આજે દેશમાં છુપી મંદીનો માહોલ છેલ્લા એક દાયકાથી છે. બે-ત્રણ પ્રકારની બેરોજગારીએ પરિવારોને અકળામણમાં ધકેલ્યા છે. પરિવારના જે સંતાનો યુવાન થયા છે તેઓ અગાઉના જમાનાની જેમ ઝડપથી કામધંધે લાગતા નથી એ એક પ્રકારની બેરોજગારી છે. બીજો પ્રકાર એ છે કે વેપારમાં નફો ઘટ્યો છે અને ખેતીમાં ખર્ચ વધ્યો છે - ઉપજ ઓછી થતી જાય છે. મોસમની અનિશ્ચિતતા વધતી જાય છે. અનેક પરિવારોની જૂની બચતો ઘસાઈ ગઈ છે. જેટલી આવક છે એનાથી અધિક જાવક હોય એવા પરિવારો તો દેશમાં સિત્તેર ટકાથી વધુ છે. આવા સંજોગોમાં સ્ત્રીઓ જ ઘરનું ગાડું ચલાવે છે. એને કોઈએ કહેવું પડતું નતી. એ આપોઆપ સમજી જાય છે. ક્યારેક તો તે આવનારા વસમા દિવસોને ધ્યાનમાં રાખીને ઘર ચલાવવાની પોતાની આખી પ્રણાલિકા જ બદલી નાંખે છે.

સપ્તરંગ
દિલીપ ભટ્ટાચાર્ય

આપણે ત્યાં ગુજરાતમાં કેટલીક સંસ્થાઓ છાને પગલે સામાજિક સેવાના કામો કરે છે. સેવા નામની એવી એક સંસ્થા છે જેના દેશમાં દસ લાખથી વધુ મહિલા સભ્યો છે. આ સંસ્થાના વડા ઈલાબહેનને દુનિયાના અનેક દેશો બોલાવે છે. એક વાર દક્ષિણ આફ્રિકામાં આર્થિક ઉદ્ધાર માટે તેઓ માર્ગદર્શન આપવા ગયા. ત્યાં તેમણે તમામ આફ્રિકન દેશોના ગૃહસ્થોને એક જ સલાહ આપી કે તમે તમારી ગૃહિણીના હાથમાં વધુમાં વધુ પૈસા મૂકો તો રાતોરાત તમે ઊંચા આવી જશો. આ ઈલાબહેનને આંતરરાષ્ટ્રીય મેગસેસે જેવા અનેક એવોર્ડ મળ્યા છે. એમની વાત આપણે માટે પણ એટલી જ સાચી છે ભલે આપણે આફ્રિકન દેશમાં ન રહેતા હોઈએ. જે ગૃહસ્થો પોતે ઘરમાં આવક અને જાવકની ચોખવટ રાખતા નથી તેમનો હિસાબ ઠેબે ચડી જાય છે. સ્ત્રીઓ કંઈ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ નથી હોતી પરંતુ તેમની આત્મસૂઝ, નાની મોટી ટકોર અને દૂરદ્રષ્ટિ આખા પરિવારને તારી દે છે. જમાનો એવો આવ્યો છે કે ગૃહસ્થે એકલાએ પલાખા ગણવાની જરૂર નથી. જો પહેલેથી જ ઘરમાં ચોપડા ખુલ્લા હોય તો સંકટનો સામનો સામુદાયિક રીતે થઈ શકે છે નહિતર ગૃહસ્થ એકલો એકલો જ મુંઝાઈ જાય છે અને વધારે પડતી આર્થિક મુંઝવણ વધુ મોટી આપત્તિ નોંતરે છે. એ લોકો બચી જાય છે જે ગૃહિણીથી ખાનગી કોઈ વ્યવહાર કરતા નથી.


તેઓ જે કંઈ હિસાબી કામકાજ હોય એ ઘરમાં મૌખિક તો મૌખિક પણ એક રીતે રજિસ્ટર્ડ રાખે છે. આર્થિક વ્યવહારોમાં તો એવું છે કે જરાક ભૂલચૂક કરો કે વાજા વાગે અને છેવટે ઊભી બજારે એના ઢોલ વાગે. છેલ્લા પાંચ વરસમાં સુરત, બાપુનગર, વાપી અને મુંબઈમાં અનેક લોકોના ફૂલેકા ફરી ગયા છે તેના મૂળમાં ઘરથી છાના થયેલા વ્યવહારો છે. એ પછી પાંચ-પચીસ હજારના હોય કે બે-પાંચ કરોડના હોય, ભૂલ કરો એટલે વાજા વાગ્યા વગરના ન રહે. ભૂલો એના મૂળભૂત સ્વરૂપમાં બહુ નાની હોય છે. ■

.આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

# એમપીના અનુપપુરમાં પૂજા માટે જતી ટ્રેક્ટર-ટ્રોલી પલટી જતાં ૬ ભક્તોના મોત, ૪૦ ઘાયલ

અનુપપુર, તા. ૩૦

મધ્યપ્રદેશના અનુપપુર જિલ્લાના પુષ્પરાજગઢ વિસ્તારમાં એક મોટી દુર્ઘટના સર્જાઈ છે. અહીંના બિજૌરા ગામ નજીક શુક્રવારે સાંજે શ્રદ્ધાળુઓથી ભરેલી એક ટ્રેક્ટર-ટ્રોલી અચાનક ચાલકે કાબૂ ગુમાવતા ખાડામાં પલટી ગઈ હતી. આ ભયાનક માર્ગ અકસ્માતમાં ૬ લોકોના કમકમાટીભર્યા મોત થયા છે, જ્યારે આશરે ૪૦ જેટલા લોકો ઘાયલ થયા છે. પોલીસના જણાવ્યા અનુસાર, પદમનિયા ગામથી આશરે ૫૦ જેટલા ભક્તો ટ્રેક્ટર-ટ્રોલીમાં સવાર થઈને બિજૌરા ગામે પૂજા અર્ચના માટે જઈ રહ્યા હતા. આ દરમિયાન કરણપથ્થર પોલીસ સ્ટેશનની હદમાં ડ્રાઈવરે વાહન પરથી નિયંત્રણ ગુમાવ્યું હતું. બે લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા, જ્યારે ચાર અન્ય લોકોએ હોસ્પિટલમાં સારવાર દરમિયાન દમ તોડ્યો હતો. હાલ તમામ ઘાયલોને પાલી કોમ્યુનિટી હેલ્થ સેન્ટર અને મેડિકલ કોલેજમાં સારવાર હેઠળ ખસેડવામાં આવ્યા છે. મુખ્યમંત્રી મોહન યાદવે આ ઘટના અંગે શોક વ્યક્ત કર્યો છે. તેમણે મૃતકોના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરતા રાજ્ય સરકાર તરફથી રૂ.૪ લાખની આર્થિક સહાય આપવાની જાહેરાત કરી છે અને ઘાયલોની મફત તથા યોગ્ય સારવાર કરાવવાના આદેશ આપ્યા છે



# પં.બંગાળના સોનારપુર વિસ્તારમાં સાંસદ અભિષેક બેનરજી પર જૂતા, ઈંડા ફેંકાયા

કોલકાત્તા,તા.૩૦

પશ્ચિમ બંગાળના દક્ષિણ ૨૪ પરગણા જિલ્લાના અત્યંત સંવેદનશીલ ગણાતા સોનારપુર દક્ષિણ વિસ્તારમાં શનિવારે સાંજે ભારે હોબાળો મચી ગયો હતો. અહીં ચૂંટણી હિંસાનો ભોગ બનેલા ટીએમસી કાર્યકરોના પરિવારોને મળવા પહોંચેલા પક્ષના સાંસદ અભિષેક બેનર્જી પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો હોવાની ઘટના સામે આવી છે. ટીએમસીનો આરોપ છે કે ત્યાં પહોંચતા જ ભાજપના કાર્યકરોએ વિરોધ પ્રદર્શન કરીને સાંસદને ઘેરી લીધા હતા અને સૂત્રોચ્ચાર સાથે તેમની સાથે મારઝૂડ કરી હતી. ઉશ્કેરાયેલા લોકોએ તેમના પર પથ્થરો, જૂતા અને ઈંડા ફેંક્યા હતા તેમજ ખેંચતાણમાં તેમનો શર્ટ પણ ફાડી નાખ્યો હતો. સુરક્ષાકર્મીઓએ ભારે જહેમત બાદ અભિષેક બેનર્જીને હેલ્મેટ પહેરાવીને સુરક્ષિત બહાર કાઢ્યા હતા. આ ઘટના અંગે પ્રતિક્રિયા આપતા સાંસદે જણાવ્યું કે આખી હિંસા કેમેરામાં કેદ થઈ ગઈ છે અને તેઓ આ મામલે હાઈકોર્ટ તેમજ રાજ્યપાલ પાસે ન્યાય માંગશે. જ્યાં સુધી સ્થાનિક પોલીસ પીડિત પરિવારોને ચુસ્ત સુરક્ષા નહીં આપે ત્યાં સુધી તેઓ સ્થળ છોડશે નહીં.



# VIP દર્શન વિરૂધ્ધ મદ્રાસ હાઈકોર્ટની કડક ટિપ્પણી: ભગવાન સમક્ષ દરેક વ્યક્તિ સમાન છે

ચેન્નઈ, તા. ૩૦

મદ્રાસ હાઈકોર્ટે તમિલનાડુના મંદિરોમાં VIP અને વિશેષ દર્શન વ્યવસ્થા નાબૂદ કરવાની માંગ કરતી અરજી પર સુનાવણી દરમિયાન એક મહત્વપૂર્ણ મૌખિક ટિપ્પણી કરી છે. જસ્ટિસ જી.આર. સ્વામીનાથન અને વી. લક્ષ્મીનારાયણની બેન્ચે સવાલ ઉઠાવ્યો હતો કે, "જો ભગવાન સમક્ષ દરેક વ્યક્તિ સમાન હોય, તો મંદિરોમાં VIP દર્શનની વ્યવસ્થા શા માટે હોવી જોઈએ? આના કારણે સામાન્ય ભક્તોને કલાકો સુધી બહાર રાહ જોવી પડે છે."

અદાલતે કડક શબ્દોમાં ઉમેર્યું કે મંત્રીઓ અને ધારાસભ્યોએ એવું ન વિચારવું જોઈએ કે તેઓ ગમે ત્યારે મંદિરમાં પ્રવેશ કરી શકે અને ભગવાન તેમની રાહ જોશે. સનાતન ધર્મના સમાનતાના સિદ્ધાંતોને ટાંકીને વિશ્વ હિન્દુ પરિષદના ઉત્તર તમિલનાડુના પ્રમુખ પી. ચોકલિંગમ દ્વારા આ અરજી દાખલ કરવામાં આવી છે.

# કર્ણાટકમાં જમીન વિવાદમાં એક જ પરિવારના ૬ સભ્યોની કરાઈ હત્યા

બેંગલુરૂ,તા.૩૦

કર્ણાટકના વિજયાપુરા જિલ્લાના ગોવિંદપુર ગામમાં જમીન વિવાદના કારણે હૃદય કંપાવી દેનારી ઘટના સામે આવી છે. અહીં લાંબા સમયથી ચાલી રહેલી કૌટુંબિક અદાવતમાં એક જ પરિવારના સભ્યો સહિત કુલ ૬ લોકોની ક્રૂરતાપૂર્વક હત્યા કરવામાં આવી છે. હુમલાખોરોએ પહેલાં તમામ લોકોને ગોળી મારી દીધી હતી અને ત્યારબાદ અત્યંત નિર્દયતાથી કુહાડી વડે તેમના શબના ટુકડા કરી નાખ્યા હતા. પોલીસની પ્રાથમિક તપાસ મુજબ ગામમાં રહેતા 'નિરાલે' અને 'ગોલાગી' પરિવાર વચ્ચે જમીનની માલિકી બાબતે મોટો વિવાદ ચાલતો હતો, જેનો બદલો લેવા ગોલાગી પરિવારે આ ભયાનક કાવતરું ઘડ્યું હતું. મૃતોમાં ચંદુ, દુંદપ્પા, શિવપુત્ર, રાહુલ, સમર્થ નિરાલે અને શબ્બીર નદાફનો સમાવેશ થાય છે. આ ઘાતકી હત્યાકાંડ બાદ સમગ્ર પંથકમાં ભારે તણાવનો માહોલ સર્જાયો છે. પોલીસે ગુનો નોંધીને ફરાર હત્યારાઓને પકડવા ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે અલગ-અલગ ટીમો બનાવીને તપાસ તેજ કરી છે.



# દિલ્હી, રાજસ્થાન સહિત ૭ રાજ્યોમાં કોંગ્રેસના પ્રમુખો અને પ્રભારીઓ બદલાશે

નવી દિલ્હી, તા. ૩૦

વિવિધ રાજ્યોમાં આગામી વિધાનસભા ચૂંટણીઓની તૈયારી અને સંગઠનને પાયાના સ્તરેથી મજબૂત કરવા માટે કોંગ્રેસ હાઈકમાન્ડ ટૂંક સમયમાં મોટા સંગઠનાત્મક ફેરફારો કરવા જઈ રહ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, પાર્ટી દ્વારા દિલ્હી, રાજસ્થાન, પંજાબ અને છત્તીસગઢ ઉપરાંત દક્ષિણ ભારતના કેરળ, તમિલનાડુ અને કર્ણાટક સહિત કુલ સાત રાજ્યોમાં નવા પ્રદેશ પ્રમુખોની નિમણૂક કરવામાં આવી શકે છે. આ સંગઠનાત્મક ફેરબદલ માત્ર પ્રમુખ પદ પૂરતો સીમિત નથી, પરંતુ રાજ્યોના પ્રભારી સ્તરે પણ ફેરફારની પ્રક્રિયા ગતિમાં છે. આ વ્યૂહરચનાના ભાગરૂપે મહારાષ્ટ્ર, આસામ અને તમિલનાડુમાં નવા પ્રભારીઓ નિયુક્ત થઈ શકે છે. પાર્ટી નેતૃત્વનું માનવું છે કે આ ફેરફારોથી ચૂંટણી રણનીતિઓ વધુ અસરકારક બનશે. જોકે, આ અંગે હજુ સુધી કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી.

# ભારત ઓપરેશન સિંદૂર ૨.૦ માટે કોઈપણ ક્ષણે ત્રણેય પાંખ યુદ્ધ માટે તૈયાર: આર્મી ચીફ ઉપેન્દ્ર દ્વિવેદી

નવી દિલ્હી, તા.૩૦

ભારતીય સેના પ્રમુખ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ પાકિસ્તાનને સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપતો સંકેત આપ્યો છે. આર્મી ચીફે જાહેરાત કરી છે કે ભારત હવે 'ઓપરેશન સિંદૂર ૨.૦' માટે સંપૂર્ણપણે તૈયારી કરી રહ્યું છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ પાકિસ્તાનની નાપાક હરકતોના જવાબમાં ભારતે જે લશ્કરી રણનીતિ અપનાવી હતી, તે આજે પણ યથાવત છે અને તેમાં કોઈ નરમાશ રાખવામાં આવી નથી. જનરલ દ્વિવેદીએ વર્તમાન પરિસ્થિતિને માત્ર એક 'કામચલાઉ યુદ્ધવિરામ' ગણાવીને ઉમેર્યું કે, ઓપરેશન સિંદૂર હજુ પણ સત્તાવાર રીતે ચાલુ જ છે. પાકિસ્તાનનું નામ લીધા વિના સૈન્ય પ્રમુખે દેશની મજબૂત લશ્કરી સજ્જતાનો સંદેશ આપ્યો છે. તેમણે સ્પષ્ટ કર્યું કે જો આગામી દિવસોમાં કોઈ નવા લશ્કરી ઓપરેશનની જરૂર ઊભી થશે, તો માત્ર ભારતીય આર્મી જ નહીં, પરંતુ વાયુસેના અને નૌકાદળ પણ ખભેખભા મિલાવીને સંયુક્ત પ્રહાર કરવા સજ્જ છે.



# બોટાદ દુષ્કર્મના ચર્ચાસ્પદ કેસમાં સ્પે. પી.પી. તરીકે ઉદયન ત્રિવેદીની નિમણૂક

અમરેલી, તા.૩૦

બોટાદ પંથકમાં ૧૫ વર્ષની સગીરા પર ૭૬ વર્ષના વૃદ્ધ સહિત ત્રણ ઈસમો દ્વારા વારંવાર દુષ્કર્મ આચરી તેને ગર્ભવતી કરવાના ચર્ચાસ્પદ કેસની ગંભીરતાને ધ્યાને લઈને, ગુજરાત સરકારના હોમ ડિપાર્ટમેન્ટ દ્વારા સ્પેશ્યલ પબ્લિક પ્રોસિક્યુટર (સ્પે. પી.પી.) તરીકે સીનિયર એડવોકેટ ઉદયન ત્રિવેદીની નિમણૂક કરવામાં આવી છે. ભોગ બનનાર સગીરાના માતાની ફરિયાદના આધારે પાળિયાદ પોલીસે મુખ્ય આરોપી અરજણભાઈ પટેલ, નિલેશ રાઠોડ અને અશોક રાઠોડની ધરપકડ કરી હતી. આરોપીઓએ સગીરાની એકલતાનો લાભ લઈ ધમકી આપી ગુનાહિત કૃત્ય આચર્યું હતું, જેના કારણે સગીરાએ બાળકને જન્મ આપ્યો હતો. બોટાદ પોલીસની ટીમે સઘન તપાસ કરીને ત્રણેય આરોપીઓ વિરૂદ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS) અને પોક્સો એક્ટ (POCSO) હેઠળ કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી દીધું છે.



**૭૬ વર્ષના વૃદ્ધ સહિત ત્રણ આરોપીઓ સામે પાળિયાદ પોલીસ મથકમાં નોંધાયેલી ફરિયાદના આધારે ચાર્જશીટ રજૂ કરાઈ**


## :: જાહેર નોટીસ ::

આથી અમો નીચે સહી કરનાર-એસ.પી.ભડકોલીયા, (એમ.કોમ, એલ.એલ.બી., એડવોકેટ & નોટરી), સરનામુ—પોલીસ સ્ટેશન સામે, મુ.લીલીયા, તા.લીલીયા, જિ.અમરેલી ના અમના અસીલની સુચના અને ફરમાઈશ મુજબ નીચેની વિગતે જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે,

અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના મોજે—સનાળીયા ગામે ખેડુત ખાતા નં-૩૭૯ ની ખેતીના માલીકશ્રી અશ્વિનભાઈ શંભુભાઈ સલુડીયા ના સ્વતંત્ર નામે સ.નં-૧૧૭ પૈકી ૨, ક્ષેત્ર.હે.આરે.ચોમી.૧—૯૮-૩૨, આકાર-૧૦.૭૩ તથા સ.નં-૧૧૭ પૈકી ૩, ક્ષેત્ર.હે.આરે.ચોમી.૦—૯૮—૧૪, આકાર-૫.૫૦ વાળી ખેતીની જમીનો આવેલ છે. સદરહુ જમીનના ૭/૧૨માં શ્રી સનાળીયા સેવા સહકારી મંડળી લી. નો રૂા. ૧૬,૨૦,૦૦૦/- નો બોજો નોંધાયેલ છે. તે સિવાય રજુ કરેલ ૭/૧૨, ૮અ મુજબ અન્ય કોઈનો બોજો, ગીરો, હક નોંધાયેલ નથી.

ઉપરોકત જણાવ્યા મુજબના ખેડુત ખાતેદાર માલીક પાસેથી ઉપરોકત વિગતે જણાવેલ સર્વેનંબર, ખાતા નંબર, ક્ષેત્રફળ, તેમજ આકાર વાળી ખેતીની જમીન અમોના અસીલ વેચાણથી ખરીદ કરી, લેવા માંગતા હોઈ, જેથી જાહેર જનતાને આથી જાણ કરવામા આવે છે કે, ઉપરોકત જણાવેલ જમીન ઉપર કોઈનો હક, હિત, હિસ્સો, દાવો, લીયન, બોજો, ગીરો, વેચાણખત, સાટાખત કે બાનાખત તેમજ લાગ ભાગ કે હક હિસ્સો સમાયેલા હોય તો, આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન—૧૦ (દસ) માં અમો રૂબરૂ આધાર પુરાવાઓ સાથે ઉપરના સરનામે રજુ કરશો. જો તેમ નહિ કરવામાં આવે તો હક જતો (વેવ) કરેલ છે, તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.

સદરહુ ખેતીની જમીન સંબંધે કોઈપણ પ્રકારના રેવન્યુ ખાતામાં, પંચાયત વિભાગમાં, કે કોઈ પ્રકારની કોર્ટમાં કે અન્ય કોઈ જગ્યાએ વાદ વિવાદ ચાલતા હોય, કે ચાલેલ હોય તો તેવા વાદ વિવાદના પક્ષકારોએ સાધનીક કાગળો સાથે આ નોટીસની તારીખથી દિન-૧૦ (દસ) માં અમારો ઉપરના સરનામે સંપર્ક કરવો. જો તેમ નહિ કરવામા આવે તો ઉપરોકત ખેતીની જમીન ટાઈટલ કલીયર છે. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. ત્યારબાદ કોઈપણનો વાંધો, વચકો કે તકરાર ચાલશે નહિ. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

મારા અસીલની સુચના અને ફરમાઈશથી....

સ્થળ :- લીલીયા
તારીખ :- ૩૦/૫/૨૦૨૬

એસ.પી.ભડકોલીયા
(એડવોકેટ & નોટરી)
મો.નં.૯૮૯૮૩ ૧૩૮૯૪



## :: જાહેર નોટીસ ::

આથી અમો નીચે સહી કરનાર-એસ.પી.ભડકોલીયા, (એમ.કોમ, એલ.એલ.બી., એડવોકેટ & નોટરી), સરનામુ—પોલીસ સ્ટેશન સામે, મુ.લીલીયા, તા.લીલીયા, જિ.અમરેલી ના અમના અસીલની સુચના અને ફરમાઈશ મુજબ નીચેની વિગતે જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે,

અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના મોજે-ભોરીંગડા ગામે ખેડુત ખાતા નં-૧૮૬ ની ખેતીના માલીકશ્રી ભીખાભાઈ દેવરાજભાઈ માંગુકીયા ના સ્વતંત્ર નામે સ.નં-૧૧૪ (જુનો સ.નં-૧૧૩/૨) ક્ષેત્ર.હે.આરે.ચોમી. ૫-૫૭—૧૯, આકાર-૨૫.૫૦ વાળી ખેતીની જમીન આવેલ છે. સદરહુ જમીનના ૭/૧૨માં અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. ક્રાંકચ શાખાના અનુક્રમે રૂા.૨૭,૬૦,૦૦૦/- તથા રૂા.૨૭,૮૫,૦૦૦/- ના તારણમાં બોજો નોંધાયેલ છે. તે સિવાય રજુ કરેલ ૭/૧૨, ૮અ મુજબ અન્ય કોઈનો બોજો, ગીરો, હક નોંધાયેલ નથી.

ઉપરોકત જણાવ્યા મુજબના ખેડુત ખાતેદાર માલીક પાસેથી ઉપરોકત વિગતે જણાવેલ સર્વેનંબર, ખાતા નંબર, ક્ષેત્રફળ, તેમજ આકાર વાળી ખેતીની જમીન અમોના અસીલ વેચાણથી ખરીદ કરી, લેવા માંગતા હોઈ, જેથી જાહેર જનતાને આથી જાણ કરવામાં આવે છે કે, ઉપરોકત જણાવેલ જમીન ઉપર કોઈનો હક, હિત, હિસ્સો, દાવો, લીયન, બોજો, ગીરો, વેચાણખત, સાટાખત કે બાનાખત તેમજ લાગ ભાગ કે હક હિસ્સો સમાયેલા હોય તો, આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૦ (દસ) માં અમો રૂબરૂ આધાર પુરાવાઓ સાથે ઉપરના સરનામે રજુ કરશો. જો તેમ નહિ કરવામાં આવે તો હક જતો (વેવ) કરેલ છે, તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.

સદરહુ ખેતીની જમીન સંબંધે કોઈપણ પ્રકારના રેવન્યુ ખાતામાં, પંચાયત વિભાગમાં, કે કોઈ પ્રકારની કોર્ટમાં કે અન્ય કોઈ જગ્યાએ વાદ વિવાદ ચાલતા હોય, કે ચાલેલા હોય તો તેવા વાદ વિવાદના પક્ષકારોએ સાધનીક કાગળો સાથે આ નોટીસની તારીખથી દિન-૧૦ (દસ) માં અમારો ઉપરના સરનામે સંપર્ક કરવો. જો તેમ નહિ કરવામાં આવે તો ઉપરોકત ખેતીની જમીન ટાઈટલ કલીયર છે. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. ત્યારબાદ કોઈપણનો વાંધો, વચકો કે તકરાર ચાલશે નહિ. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

મારા અસીલની સુચના અને ફરમાઈશથી....

સ્થળ :- લીલીયા
તારીખ :- ૩૦/૫/૨૦૨૬

એસ.પી.ભડકોલીયા
(એડવોકેટ & નોટરી)
મો.નં.૯૮૯૮૩ ૧૩૮૯૪


# ધોરાજી તાલુકાના છાડવાવદર ગામે PGVCLના હેલ્પરને લાગ્યો વીજ કરંટ

ધોરાજી,તા.૩૦

ધોરાજી તાલુકાના ભોલગામડા ગામના વતની અને PGVCLમાં હેલ્પર તરીકે ફરજ બજાવતા ગૌતમભાઈ મકવાણા છાડવાવદર ગામના સીમ વિસ્તારમાં લાઈન રિપેરિંગનું કામ કરી રહ્યા હતા. ચોમાસા પૂર્વેની પ્રી-મોન્સૂન મેન્ટેનન્સની આ કામગીરી દરમિયાન અચાનક તેમને જોરદાર વીજ કરંટ લાગ્યો હતો.

અકસ્માત થતાં જ ગૌતમભાઈને તાત્કાલિક ધોરાજી સરકારી હોસ્પિટલ ખસેડાયા હતા, પરંતુ તેમની ગંભીર સ્થિતિને કારણે વધુ સારવાર માટે જૂનાગઢ રીફર કરવામાં આવ્યા છે.

# કોડીનાર ખાતે સ્વામિનારાયણ મંદિરનો ભવ્ય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો

કોડીનાર,તા.૩૦

કોડીનાર ખાતે વડતાલ ગાદીના પ.પૂ. ૧૦૦૮ આચાર્ય અજેન્દ્રપ્રસાદજી મહારાજના આશીર્વાદ અને સ્થાનિક સત્સંગ સમાજના સહયોગથી નવનિર્મિત સ્વામિનારાયણ મંદિરનો ત્રિદિવસીય મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ હર્ષોલ્લાસ સાથે સંપન્ન થયો છે. આચાર્ય નૃગેન્દ્રપ્રસાદજી મહારાજના અધ્યક્ષસ્થાને નોમથી એકાદશી સુધી વિવિધ ધાર્મિક ઉત્સવો યોજાયા હતા. ભગવાન સ્વામિનારાયણના વનવિચરણથી પાવન થયેલો આ પંથક પ્રસાદીના માર્ગ તરીકે પૂજાય છે. જોકે, એક સમયે અહીં સંપ્રદાયનું એક પણ ઘર નહોતું. ૧૦ વર્ષ પૂર્વે વીરડીધામના પૂ.નટુબાપા અને સાસણધામના પ્રમોદભગતે ઘરે-ઘરે કથા કરી ભક્તિનો દીપ પ્રગટાવ્યો હતો.


## સંકુલ માટે જમીન ખરીદવી છે.

- ★ સંકુલ નાં ચાલુ વિકાસ કાર્ય અર્થે ૨૦—૨૫ વિઘા ખેતીની જમીન ખરીદવી છે.
- ★ સંકુલ નાં નજીકનાં વિસ્તારને પ્રથમ પસંદગી
- ★ નજીક ન મળે તો થોડી દુર પણ વિચારાશે.
- ★ રસ ધરાવનારે સંકુલ નો રૂબરૂ સંપર્ક સાધવો

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળ:—શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ (ગર્લ્સ), ચક્કરગઢ રોડ, અમરેલી
- Ad 086



## CHANGE OF NAME

I Undersign LAXMIDHAR TAHERALI YUSUFBHAI have changed my name from LAXMIDHAR TAHERALI YUSUFALI To LAXMIDHAR TAHERALI YUSUFBHAI (New) Now i will be known as LAXMIDHAR TAHERALI YUSUFBHAI (new)
Sign : LAXMIDHAR TAHERALI YUSUFBHAI
Address : 225, VOHARAVAD SHERI, MASJID PASE, AT-CHITAL, DIST- AMRELI-365620



## ::: દસ્તાવેજ કરતા પુર્વની જાહેર નોટીસ :::

આથી અમો નીચે સહી કરનાર-અક્ષયભાઈ પરશોતમભાઈ વાવલીયા રહે.ગળકોટડી,તા.બાબરા. જિ.અમરેલી એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ/તાકીદ કરવામાં આવે છે.અમારી આ જમીન વેચાણથી આપવાનુ નક્કી કરેલ છે.જેની આ જાહેર નોટીસ આપી જણાવુ છુ અમરેલી ડીસ્ટ્રીકટ તાલુકો અમરેલી ના મોજે ગામ માળીલા ખાતા નં.૨૬૦ જેના સર્વે નં.૧૭૭ (જુનો સર્વે નં.૧૭ પૈ.૩) જેના હે.આરે.ચોમી.૨-૩૭-૫૨ જેના હાલના માલીક (૧) સંઘાણી જયસુખભાઈ રણછોડભાઈ (૨) સંઘાણી વિનોદભાઈ રણછોડભાઈ તથા અન્ય એક માળીલા ખાતાની ખેતીની જમીન જેના ખાંતા નં.૩૫૫, સર્વે નં.૧૭૫ (જુનો સર્વે નં.૧૭ પૈ.૨),જેના હે.આરે.ચોમી. ૨-૪૬-૧૯,જેના માલીક (૧) સંઘાણી વિનોદભાઈ રણછોડભાઈ છે જે જુની શરતની જમીન અમો જમીન માલીક કબ્જેદાર અને ધારણકર્તા એટલે કે અમો વેચાણ આપનારાઓ છીએ મજકુર મિલ્કતા ટાઈટલ સંપુર્ણ ચોખ્ખા,કલીયર માર્કેટેબલ હોવાનુ જણાવીને તેમજ મજકુર મીલ્કતમાં અમો સીવાય અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો હકક-હિત હિસ્સો લાગભાગ ચાલી આવેલ નથી તેવુ જણાવીને અમો પોતે જમીન માલીકે વેચાણ આપવા માટે નકકી કરેલ છે.જેથી સદરહુ મીલ્કતમાં જો કોઈનો વાંધો,વિરોધ કે હકક-હીત સંબંધ લાગભાગ દર દાવો કે ઈઝમેન્ટ તથા અન્ય કોઈપણ રીતે હકક-હીસ્સો હોય અથવા તો કોઈ બેન્ક કે સંસ્થાનુ લેણુ હોય અગર તો તબદીલી અંગેના કોઈપણ લખાણો હોય તો અમોને નીચેના સરનામે દિન-૭ માં પુરાવા સહીત લેખીત જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો આ નોટીસની મુદત વિત્યે સદર મીલ્કતમાં કોઈ વ્યકતી કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હકક-હીત,હિસ્સો કે લેણુ નથી અને હોય તો જતો કરેલ છે ત્યારબાદ જો અમો વેચાણ દસ્તાવેજ કરી આપીશુ.ત્યાર પછી કોઈપણ વ્યકતી કે સંસ્થાની કોઈપણ જાતની તકરાર, વાંધો વિરોધ ચાલશે નહી અને તેવા ઈસમોને કોઈપણ જાતના હકકો પ્રાપ્ત થશે નહી જેની જાહેર જનતાએ નોધ લેવી.

લી. આપનો વિશ્વાસુ
અક્ષયભાઈ પરશોભાઈ વાવલીયા
રહે.ગળકોટડી,તા.બાબરા.
મો.નં.૮૨૦૦૫૫૯૨૨૯
ભગવાનભાઈ
મો.નં.૯૦૯૯૦૫૯૯૦૧
વિજયભાઈ
મો.નં.૭૫૬૭૦ ૪૦૮૩૦

# ગીર વિસ્તારમાં સિંહોના શંકાસ્પદ મોત બાદ વનવિભાગ હાઈએલર્ટ પર

જૂનાગઢ,તા.૩૦

ગુજરાતનું ગૌરવ એવા સિંહો પર હવે ખતરો મંડાઈ રહ્યો છે ત્યારે તેનો સામનો કરવા માટે વન તંત્ર સંપૂર્ણ સજ્જ બન્યું છે. ગીરની સાથે હવે ગિરનાર અભયારણ્યમાં વસતા સિંહો અને સિંહબાળની સુરક્ષા તેમજ સ્વાસ્થ્યને લઈને પણ વિશેષ તકેદારી રાખવામાં આવી રહી છે. વન વિભાગના સ્ટાફ દ્વારા ૨૪ કલાક ખડેપગે રહીને દુર્ગમ વિસ્તારોમાં



પેટ્રોલિંગ અને દૂરબીનની મદદથી સિંહો પર નજર રાખવામાં આવી રહી છે. સ્ટાફ પાસેથી રોજિંદા અહેવાલ મેળવીને સિંહોની હિલચાલથી લઈને તેમના સ્વાસ્થ્ય સુધીની તમામ બાબતો પર સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. વન વિભાગ દ્વારા મેદાનમાં કાર્યરત સ્ટાફને ખાસ સૂચનાઓ આપવામાં આવી છે કે કોઈપણ સિંહમાં અસ્વસ્થતા, નબળાઈ કે અસામાન્ય વર્તન દેખાય તો તાત્કાલિક પશુચિકિત્સકોને જાણ કરી રેસ્ક્યુની કામગીરી શરૂ કરવામાં આવે.આ ગંભીર પરિસ્થિતિ અંગે જુનાગઢના DCF અક્ષય જોશીએ જણાવ્યું હતું કે ગિરનાર વન્યપ્રાણી અભયારણ્યમાં સિંહ અને સિંહ બાળનું સતત અને સઘન એટલે કે ઈન્ટેન્સિવ મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે.

# અમદાવાદ, રાજકોટ અને સુરતમાં ટીપી સ્કીમને મંજૂરી આપતી રાજ્યસરકાર

**ત્રણેય મોટા શહેરોમાં માળખાકીય સુવિધાઓ સુદ્રઢ બનશે**

ગાંધીનગર,તા.૩૦

ગુજરાત રાજ્યના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગે અમદાવાદ, રાજકોટ અને સુરતની અનેક ટાઉન પ્લાનિંગ (TP) સ્કીમોને મંજૂરી આપવાનો મહત્વનો નિર્ણય કર્યો છે. સત્તાવાર નોટિફિકેશન અનુસાર અમદાવાદના પાલડી એક્સ્ટેન્શન અને આંબાવાડી વિસ્તારની સ્કીમોને આખરી મંજૂરી મળી છે, જ્યારે વિરોચનનગર-ખોરજ વિસ્તારની TP સ્કીમને નામંજૂર કરવામાં આવી છે. સરકારે સ્પષ્ટતા કરી છે કે મંજૂર થયેલી સ્કીમોના તમામ નકશા અને પુનર્વિતરણ સ્ટેટમેન્ટ જાહેર જનતાના નિરીક્ષણ માટે



સંબંધિત કચેરીઓમાં ખુલ્લા મુકાશે. પાલડી એક્સ્ટેન્શનની ચોથી ફેરફારિત સ્કીમમાં પ્લોટોના હેતુ અને વિસ્તાર અંગે જરૂરી સુધારાઓ કરવામાં આવ્યા છે. સાથોસાથ આંબાવાડી TP સ્કીમમાં વધતી વસતિને ધ્યાનમાં રાખીને સામાજિક તેમજ જાહેર સુવિધાઓ માટે વિશેષ જમીન અનામત રાખવાનો નિર્ણય લેવાયો છે. આ વિકાસલક્ષી પગલાંથી ત્રણેય મોટા શહેરોમાં માળખાકીય સુવિધાઓ સુદ્રઢ બનશે અને શહેરી આયોજનને નવી દિશા મળશે.

# ગુજરાત યુનિવર્સિટીની બી.કોમ પરીક્ષામાં પ્રશ્નપત્ર વિતરણમાં ગંભીર બેદરકારી

અમદાવાદ,તા.૩૦

ગુજરાત યુનિવર્સિટીની બી.કોમ પરીક્ષામાં આજે ગંભીર બેદરકારી સામે આવી હતી. પરીક્ષા દરમિયાન વિદ્યાર્થીઓને નિર્ધારિત વિષયના બદલે અન્ય વિષયનું પ્રશ્નપત્ર આપવામાં આવ્યું હતું. પ્રશ્નપત્ર મળતા જ વિદ્યાર્થીઓએ ભૂલ અંગે સુપરવાઈઝરને જાણ કરી હતી. શરૂઆતમાં યોગ્ય જવાબ ન મળતા વિદ્યાર્થીઓમાં અસંતોષ ફેલાયો હતો અને કેટલાક કેન્દ્રોમાં વિરોધ પણ નોંધાયો હતો. બાદમાં યુનિવર્સિટીના અધિકારીઓને જાણ કરવામાં આવતા તાત્કાલિક યોગ્ય પ્રશ્નપત્ર પહોંચાડવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ઘટનાને કારણે વિદ્યાર્થીઓનો કિંમતી સમય બગડ્યો હતો અને તેમને માનસિક તણાવનો સામનો કરવો પડ્યો હતો. આ ઘટનાએ પરીક્ષા વ્યવસ્થાની કાર્યક્ષમતા અને જવાબદારી અંગે ગંભીર પ્રશ્નો ઊભા કર્યા છે.

# ગુજરાત ATSએ ઝડપેલા રૂ.૧૧૯૦ કરોડના કોકેઈનમાં હવે NIAએ પણ તપાસમાં ઝંપલાવ્યું

ભુજ,તા.૩૦

ગુજરાતના દરિયાકાંઠે એન્ટી-ટેરરિઝમ સ્ક્વોડ (ATS) અને ભારતીય કોસ્ટ ગાર્ડે સંયુક્ત ઓપરેશન હાથ ધરીને મુન્દ્રા પોર્ટ નજીક એક કાર્ગો વેસલમાંથી આશરે ૧૧૫થી ૧૧૯ કિલો શુધ્ધ કોકેઈન જપ્ત કર્યું છે, જેની આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત અંદાજે ૧,૧૯૦ કરોડ રૂપિયા થાય છે. આ ઓપરેશન દરમિયાન



એક તાંઝાનિયન નાગરિકની ધરપકડ કરાઈ છે, જ્યારે અન્ય એક આરોપી દરિયામાં કૂદી જતાં તેની શોધખોળ ચાલુ છે. આ કેસના તાર દિલ્હી સુધી જોડાયેલા હોવાથી એટીએસ અને દિલ્હી પોલીસે સંયુક્ત કાર્યવાહી કરીને દ્વારકા વિસ્તારમાંથી એક નાઈજીરીયન અને એક યુગાન્ડાના નાગરિકને પણ ઝડપી લીધા છે. તપાસમાં બહાર આવ્યું છે કે આ પ્રતિબંધિત ડ્રગ્સ બ્રાઝિલથી લોડ કરવામાં આવ્યું હતું અને આ જહાજે ભારત પહોંચતા પહેલાં પાકિસ્તાન સહિત ૭ દેશોના ૨૩ પોર્ટ્સની મુસાફરી કરી હતી. આ કેસની ગંભીરતાને જોતાં હવે રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA) પણ તપાસમાં જોડાઈ છે.

# સુરતમાં પાલિકાના કચરાના ટેમ્પોમાંથી શંકાસ્પદ માંસ મળતા ચકચાર મચી


સુરત,તા.૩૦

સુરતના ભેસ્તાન ઓવરબ્રિજ પાસે શુક્રવારે મોડી રાત્રે કચરો ઉઠાવતા પાલિકાના સરકારી ટેમ્પો અને બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ ટક્કર એટલી જોરદાર હતી કે ટેમ્પોમાંથી શંકાસ્પદ માંસનો જથ્થો અને લોહીલુહાણ અવશેષો જાહેર રોડ પર ફંગોળાયા હતા, જેને પગલે સ્થાનિક લોકોમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો હતો. સામાન્ય રીતે કચરો વહન કરતા વાહનમાં આ પ્રકારનું માંસ મળતા મામલો અત્યંત સંવેદનશીલ બન્યો છે. ઘટનાની ગંભીરતા જોઈને ભેસ્તાન પોલીસ કાફલો અને એફએસએલની ટીમ તાત્કાલિક દોડી આવી હતી. પોલીસે માંસના સેમ્પલ મેળવી તપાસ અર્થે લેબોરેટરીમાં મોકલી આપ્યા છે અને સંબંધિત કોન્ટ્રાક્ટરની અટકાયત કરીને આ ગેરકાયદે પ્રવૃત્તિ પાછળના રહસ્યને ઉકેલવા ઊંડી પૂછપરછ શરૂ કરી છે.

# આઈપીએલ ફાઈનલ ટિકિટનો કાળાબજાર કરનાર ૭ આરોપીની પોલીસે ધરપકડ કરી

અમદાવાદ,તા.૩૦

વિશ્વના સૌથી મોટા નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમમાં ૩૧ મેના રોજ યોજાનારી આઈપીએલ ૨૦૨૬ની હાઈવોલ્ટેજ ફાઈનલ મેચને લઈને ક્રિકેટ પ્રેમીઓમાં ભારે ઉત્સાહ છે. આ ઉત્સાહનો ગેરલાભ ઉઠાવીને ટિકિટોની કાળાબજારી કરનારા તત્વો પર અમદાવાદ પોલીસે સખત



કાર્યવાહી કરી છે. પોલીસે અલગ-અલગ દરોડા પાડીને કુલ ૭ આરોપીઓની ધરપકડ કરી છે, જેમાં ચાંદખેડા પોલીસે ૫ અને ક્રાઈમ બ્રાન્ચે ૨ આરોપી ઝડપ્યા છે. ફાઈનલની ટિકિટો ઓનલાઈન મિનિટોમાં સોલ્ડ આઉટ થઈ જતાં, આ આરોપીઓ સોશિયલ મીડિયા અને સ્ટેડિયમ નજીક સક્રિય થઈને અસલી કિંમત કરતાં ૪ થી ૫ ગણા વધુ ભાવે ટિકિટો વેચી રહ્યા હતા. પોલીસે આરોપીઓ પાસેથી અસલ ટિકિટો, રોકડ અને મોબાઈલ ફોન સહિતનો મુદ્દામાલ જપ્ત કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગુજરાત પોલીસ વેલ્ફેર ફંડના નિયમોમાં ઐતિહાસિક સુધારાના નિર્ણયો લેવાયા

ગાંધીનગર,તા.૩૦

ગુજરાત રાજ્યના પોલીસ મહાનિર્દેશકની અધ્યક્ષતામાં મળેલી મધ્યસ્થ પોલીસ વેલ્ફેર ફંડ મોનીટરીંગ કમિટીની બેઠકમાં કર્મચારીઓના હિતમાં અનેક મહત્વપૂર્ણ નિર્ણયો લેવાયા છે. હવેથી બે કરતાં વધુ બાળકો ધરાવતા પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓને પણ વેલ્ફેર ફંડના તમામ લાભો, સહાય અને લોન મળવાપાત્ર થશે.

શિક્ષણ ક્ષેત્રે પ્રોત્સાહન આપવા માટે દેશમાં ઉચ્ચ અભ્યાસ માટે રૂપિયા દસ લાખ અને વિદેશ અભ્યાસ માટે રૂપિયા પંદર લાખ સુધીની લોન મંજૂર કરાશે, જેની વાર્ષિક મર્યાદા વધારીને રૂપિયા દસ




કરોડ કરવામાં આવી છે. સ્પોર્ટ્સ સ્કોલરશિપ અંતર્ગત હવે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય રમતોની સાથે યોગાસન સ્પર્ધાનો પણ સમાવેશ કરાયો છે.

આ ઉપરાંત કર્મચારીઓના આરોગ્ય માટે વાર્ષિક ડિજિટલ હેલ્થ ચેકઅપ તેમજ લગ્ન પ્રસંગ માટેની લોન મર્યાદા દોઢ લાખથી વધારીને પાંચ લાખ રૂપિયા કરવામાં આવી છે.

# પીએમ મોદી તા. ૫ જૂનના રોજ ગુજરાત અને દમણની મુલાકાતે

દમણ,તા.૩૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી ૫ જૂનના રોજ ગુજરાત અને સંઘપ્રદેશ દમણની મહત્વની મુલાકાતે આવી રહ્યા છે. આ ટૂંકા પ્રવાસ દરમિયાન પીએમ મોદી દક્ષિણ ગુજરાતના સુરત અને દમણમાં કરોડો રૂપિયાના વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ તથા ખાતમુહૂર્ત કરશે અને વિશાળ જાહેર સભાઓને સંબોધશે. આ પ્રવાસનું




મુખ્ય આકર્ષણ દમણમાં રૂપિયા ૯૭ કરોડના ખર્ચે તૈયાર થયેલું અત્યાધુનિક ડોમેસ્ટિક એરપોર્ટ છે, જેનાથી વાપી, વલસાડ અને દમણના ઔદ્યોગિક વિસ્તારોને સીધી એર કનેક્ટિવિટી મળશે. શરૂઆતમાં અહીંથી મુંબઈ, દિલ્હી અને અમદાવાદ માટે ફ્લાઈટો શરૂ થશે. વડાપ્રધાનના આગમનને પગલે સુરત અને દમણમાં ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આ જ દિવસથી ભાજપ દ્વારા સમગ્ર રાજ્યમાં વ્યાપક જનસંપર્ક અભિયાન પણ શરૂ કરવામાં આવશે.

# રાજ્યનાં હવામાનમાં પલટો: ૩ જૂન સુધી ભારે વરસાદની આગાહી

અમદાવાદ,તા.૩૦

ગુજરાતમાં હાલ અસહ્ય કાળઝાળ ગરમી પડી રહી છે, પરંતુ હવે વાતાવરણમાં મોટા પરિવર્તનના સંકેતો દેખાઈ રહ્યા છે. હવામાન વિભાગની તાજેતરની આગાહી અનુસાર, આગામી ૩ જૂન સુધી રાજ્યના વિવિધ ભાગોમાં ગાજવીજ અને તેજ પવન સાથે વરસાદી માહોલ સર્જાવાની પૂરેપૂરી શક્યતા છે. દેશના ઉત્તર-પશ્ચિમ અને મધ્ય ભાગોમાં ગરમીનો પ્રકોપ ધીમે-ધીમે ઓછો થઈ રહ્યો છે, જેની સીધી અસર હવે ગુજરાતના વાતાવરણ પર પણ જોવા મળી રહી છે. વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધવાને કારણે વરસાદી સિસ્ટમ સક્રિય થઈ છે.આગામી



દિવસોમાં ખાસ કરીને ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, મહેસાણા, સાબરકાંઠા અને અરવલ્લીમાં વ્યાપક વરસાદ પડી શકે છે. આ સિવાય પૂર્વ ગુજરાતના પંચમહાલ, દાહોદ, મહીસાગર અને છોટાઉદેપુરમાં પણ હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે. ૧ જૂનના રોજ અમદાવાદ અને ગાંધીનગર સહિતના મધ્ય ગુજરાતના વિસ્તારોમાં પણ વાદળછાયા વાતાવરણ વચ્ચે વરસાદી ઝાપટાં પડવાની શક્યતા છે. સૌરાષ્ટ્રના ગીર સોમનાથ અને દીવ-દમણ જેવા કેન્દ્રશાસિત પ્રદેશોમાં પણ વાતાવરણ પલટાશે. હવામાન નિષ્ણાતોના મતે આ માવઠાંને કારણે તાપમાનનો પારો ગગડશે અને લોકોને ઉનાળાના આકરા તાપમાંથી મોટી રાહત મળશે.







